# બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika




વર્ષ : ૦૨    ૨૦૨૬ : મે

અંક : ૦૫



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ., અમદાવાદ

## ખૂબ જ અગત્યની સૂચના

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિના શેર હોલ્ડરશ્રીના બાળકો અથવા વિદ્યાર્થી પોતે સંસ્થાના સભાસદ હોય તેવા ધો. ૧૦, ધો. ૧૨ તથા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા ટ્યુશન ફી આપવામાં આવે છે.

સભાસદના બાળકો પૂરતી જ આ યોજના છે. પૌત્ર કે પૌત્રી, ભાણા કે ભાણીને આ લાભો આપવામાં આવતા નથી.

લાભ લેનાર વ્યક્તિ પોતે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તો સભ્ય બની શકે છે. સભ્ય બનવા માટે જન્મનો દાખલો, પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા રૂ. ૫૧૦/- રોકડા ભરીથી સભાસદ થઈ શકાય. જે તે હિસાબી વર્ષ દરમ્યાન થયેલા સભ્યને હિસાબી વર્ષ બાદ ત્રણ હિસાબી વર્ષ પછી આ લાભ મળશે.

દા.ત. ૧-૪-૨૦૨૫ થી ૩૧-૩-૨૦૨૬ સુધીના થનાર સભાસદોને ૩૧-૩-૨૦૨૯ પછી આ લાભ મળશે. (ટૂંકમાં સભાસદ થયેલ હિસાબી વર્ષના ત્રણ વર્ષ બાદ લાભ મળવાપાત્ર છે.)

ધો. ૧૦ તથા ધો.૧૨ તથા કોલેજ માટે પરિણામની તારીખથી ૩૦ દિવસની અંદર સંસ્થાની ઓફિસે માર્કશીટ તથા શેર સભાસદ સર્ટીની ઝેરોક્ષ સામેલ કરવાની રહેશે.

ધો. ૧૦, ૧૨ અને કોલેજમાં ૨, ૪, ૬ અને ૮ સેમેસ્ટરની માર્કશીટો મોડી આવતી હોવાથી તે લોકોએ ૧, ૩, ૫ અને ૭માં સેમેસ્ટરની માર્કશીટ સામેલ કરી આ લાભ મેળવવા સમયસર એટલે કે ૩૦-૦૬ પહેલા મોકલી આપવાનું રહેશે એટલે કે જે વિદ્યાર્થી ૨૦૨૫-૨૬ના વર્ષ દરમ્યાન અભ્યાસ કરે છે અને પરીક્ષા આપેલ છે તેઓએ છેલ્લા સેમીસ્ટરના રીઝલ્ટની માર્કશીટ અને શેર સર્ટિફિકેટની ઝેરોક્ષ બીડવી જરૂરી છે. જેથી આ લાભથી વંચિત રહે નહીં અને શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ ટ્યુશન ફી લાભાર્થીઓને પહોંચે. વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચેકથી ચૂકવવામાં આવે છે જેની નોંધ લેશો. જુલાઈ મહિનાની આખરમાં લાભાર્થીઓને ઘરે પહોંચશે. જેના અંગે કોઈપણ પ્રકારના ફોન કરવા નહીં.

સમય મર્યાદા બહારની કોઈપણ અરજી નામંજૂર કરવાનો અબાધીત હક્ક સંસ્થાને છે. ઉપરની સમગ્ર માહિતી વાંચી અમલ કરવા વિનંતી છે.

**ખાસ નોંધ - આપની શિષ્યવૃતિ મેળવવા માટે માર્કશીટની ઝેરોક્ષ અને શેર સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે આપનું સરનામું અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત છે. નહિ તો આપની શિષ્યવૃતિ પહોંચશે નહીં જેની ખાસનોંધ લેશો.**

**(નોંધ-અભ્યાસ પૂર્ણ થઈ ગયેલ વિદ્યાર્થીને આ લાભ આપવામાં આવશે નહીં) શિષ્યવૃતિની રકમના ચેક જે-તે શહેર/ગામની ઓફિસે અથવા જે-તે શહેર/ગામના પ્રમુખના ઘરે પહોંચાડવામાં આવશે. જેની માહિતી જે-તે શહેર/ગામ દ્વારા તમને મળશે. જેથી સંસ્થાની ઓફિસે ફોન કરવા નહીં. આ રકમના ચેક ૨૦ જુલાઈ પહેલાં મોકલવામાં આવનાર નથી જેની ખાસ નોંધ લેશો.**

**ખૂબ જ અગત્યની સૂચના - શેરધારણ કરનાર વાલીના એક જ બાળકને શિષ્યવૃતિ આપવામાં આવશે જેથી એક કુટુંબના એકથી વધુ બાળકોની અરજીઓ કરવી નહીં.**

| | |
|---|---|
| **મુકેશભાઈ દવે**<br>**મંત્રી** | **સમીરભાઈ દવે**<br>**પ્રમુખ** |

**અને કારોબારી સભ્યોશ્રીઓ**

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી. લી. અમદાવાદ

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન, ૧/૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) : ૭૫૭૩૯ ૭૮૪૭૭

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી નિવેદન કે ઉપરોક્ત મંડળીની સને ૧–૪–૨૦૨૫ થી તા. ૩૧–૩–૨૦૨૬ની વાર્ષિક સાધારણ સભા નીચેના કામો માટે નીચેના સ્થળે અને સમયે રાખેલ છે. સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

તારીખ : ૧૪–૦૬–૨૦૨૬, રવિવાર
સ્થળ : શ્રી બાજખેડાવાળ વાડી, ડાકોર
સમય : સવારે ૧૦.૩૦ કલાકે

(૧) ગત વાર્ષિક સાધારણ સભાથી આજ દિન સુધીના નામી–અનામી જ્ઞાતિજનો કે જેઓ સ્વર્ગસ્થ થયેલ છે તેમના માનમાં મૌન પાળવા.
(૨) ગયા વર્ષની સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવી.
(૩) ઓડિટેડ વાર્ષિક હિસાબો, સરવૈયું અને અહેવાલ મંજુર કરવા. (૨૦૨૫–૨૦૨૬)
(૪) ડિવિડંડ વહેંચવા મંજુરી આપવા.
(૫) માનદ્ તેમજ સરકારી પેનલ ઉપરના હિસાબ અન્વેષકોની નિમણૂંક કરવા.
(૬) પ્રમુખશ્રી તરફથી રજુ થાય તે.

તા. ૨૧–૦૫–૨૦૨૬ **મુકેશભાઈ દવે – મંત્રી**

**નોંધ :** (૧) કોરમના અભાવે આ સભા મુલત્વી રહેશે તો ઉપર જણાવેલ સ્થળે અર્ધા કલાક પછી મુલત્વી રહેલી સભા મળી ઉપરના કાર્યો હાથ ધરશે.

## ઓડિટર્સ રિપોર્ટ

અમોએ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદનું તા. ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજનું સરવૈયું તથા તે જ તારીખ પુરા થતા વર્ષનું ઉપજ–ખર્ચનું તારણ તપાસ્યું છે, અને રિપોર્ટ કરીએ છીએ કે, અમારા આ સાથેના ઓડિટ નોંધને આધિન તથા અમોને આપવામાં આવેલ માહિતી અને ખુલાસા પ્રમાણે તથા મંડળના હિસાબો ચોપડાઓમાં દર્શાવ્યા મુજબનું આ સાથે સરવૈયુ મંડળની સાચી અને ખરેખરી આર્થિક સ્થિતિ દર્શાવે છે.

તા. ૧૬–૦૬–૨૦૨૬
અમદાવાદ

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્સ વતી
(કે. એસ. જોષી)
પાર્ટનર
મે.નંબર : ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક

તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ

| ભંડોળ તથા દેવું | રકમ રૂા. |
|---|---|
| કુલ ૩૩૭૪૧ શેર દરેક રૂ. ૨૫.૦૦ નો | |
| તેવો પુરેપુરા ભરપાઈ થયેલા | ૮૪૩૫૨૫.૦૦ |
| | ૮૪૩૫૨૫.૦૦ |
| **ફંડો તથા અનામતો :** | |
| જનરલ રીઝર્વ ફંડ | ૫૫૧૦૦૬.૬૧ |
| વિદ્યોતેજક ફંડ | ૬૦૫૧૯૭૦.૦૦ |
| મકાન ફંડ | ૭૫૯૧૦૮.૦૦ |
| કરજ ધીરાણ ઘસારા ફંડ | ૬૧૧૨૯.૦૦ |
| ડિવિડન્ડ અનામત ફંડ | ૬૪૭૬૧૪.૦૦ |
| માનદ પેટ્રન ફંડ | ૪૬૨૪૦.૦૦ |
| ઘસારા ફંડ | ૯૬૨૧૫.૦૦ |
| | ૮૨૧૩૨૮૨.૬૧ |
| **અન્ય દેવાં :** | |
| કે. એસ. જોષી એન્ડ કંપની | ૧૦૦૦૦.૦૦ |
| પ્રજ્ઞા એ. ભટ્ટ | ૬૫૦૦.૦૦ |
| ભાવેશ પંડ્યા | ૧૮૦૦૦.૦૦ |
| | ૩૪૫૦૦.૦૦ |
| **કુલ સરવાળો** | ૯૦૯૧૩૦૭.૬૧ |



બાજખેડાવાળ પત્રિકા + મે - ૨૦૨૬

# સહકારી મંડળી લી., અમદાવાદ

પુરા થતા વર્ષનું સરવૈયું

| મિલકતો તથા લેણાં | રકમ રૂા. |
|---|---|
| ચરોતર નંગ. બેન્ક શેર | ૫૦.૦૦ |
| રામેશ્વર એપાર્ટ. સભાસદ શેર | ૨૦૦.૦૦ |
| | ૨૫૦.૦૦ |
| કોમ્પ્યુટર | ૬૩૭૩૫.૦૦ |
| ડેડસ્ટોક | ૧૯૮૬.૦૦ |
| ફર્નીચર ફીક્ચર્સ | ૨૮૦૦૩.૦૦ |
| રેફ્રીજરેટર | ૫૫૨૬.૦૦ |
| ઓફિસ પ્રીમાઈસીસ | ૪૦૪૩૧૫.૫૦ |
| | ૫૦૩૫૬૫.૫૦ |
| **વિદ્યાર્થી કરજ ધિરાણ** | |
| મંડળનું કરજ-ધિરાણ | ૧૩૩૧૫૨.૦૦ |
| ટોરેન્ટ પાવર લિમિટેડ | ૨૮૮૩.૮૮ |
| **બેન્ક તથા કોર્પોરેટ ડિપોઝીટસ અને મ્યુચ્યલ ફંડ :** | |
| યુ.ટી.આઈ. બેલેન્સ એડ. ફંડ (રેગ્યુલર પ્લાન) | ૨૦૦૮૯૦૫.૩૯ |
| યુ.ટી.આઈ. ડિવિડન્ટ યીલ્ડ પ્લાન ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૧૫૨૫૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. ફોક્સ ઈક્વીટી ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૨૦૦૦૦૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. વેલ્યુ ઓપર્ચ્યુનીટી ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૩૩૧૯૧૨૭.૭૭ |
| | ૭૪૮૦૫૩૩.૧૬ |
| **કુલ સરવાળો** | ૮૧૨૦૩૮૪.૫૪ |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક

તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ

| ભંડોળ તથા દેવું | રકમ રૂા. |
|---|---|
| સરવાળો આગળ લાવ્યા | ૯૦૯૧૩૦૭.૬૧ |
| **કુલ સરવાળો** | ૯૦૯૧૩૦૭.૬૧ |

તા. ૧૬-૦૬-૨૦૨૬
અમદાવાદ

સમીરભાઈ દવે — પ્રમુખ
ફાલ્ગુન ઠાકર — ખજાનચી

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.



બાજખેડાવાળ પત્રિકા + મે - ૨૦૨૬

## સહકારી મંડળી લી. અમદાવાદ

પુરા થતાં વર્ષનું સરવૈયું

| મિલકતો તથા લેણાં | રકમ રૂા. |
|---|---|
| સરવાળો આગળ લાવ્યા | ૮૧૨૦૩૮૪.૫૪ |
| **અન્ય લેણાં** | |
| ટેલીફોન ડિપોઝીટ | ૨૧૬૦.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2016-17 | ૨૦૯૦૨.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2017-18 | ૮૨૬૭.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2019-20 | ૧૦૦૦.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2020-21 | ૪૪૪૭૭.૦૦ |
| | ૭૬૮૦૬.૦૦ |
| **બેંકોમાં સેવિંગ્સ ખાતાની બાકી** | |
| બેન્ક ઓફ બરોડા (૧૬૪૨) | ૬૦૭૪૭૧.૦૨ |
| રોકડ પુરાંત - સિલક | ૯૪૬.૦૦ |
| | ૬૦૮૪૧૭.૦૨ |
| વર્ષ દરમ્યાન ઉપજ કરતાં ખર્ચનો વધારો | ૨૮૫૭૦૦.૦૫ |
| **કુલ સરવાળો** | ૯૦૯૧૩૦૭.૬૧ |

અમારા આજ તારીખના ઓડીટ રિપોર્ટ સાથે ઓડીટ રીમાર્કને આધીન

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાઈટર
મે. નંબર. ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. વતી

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક

તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ

| **ઉપજ (આવક)** | **રકમ રૂા.** |
|---|---|
| **શ્રી બેંક ડિપોઝીટ વ્યાજ આવક** | |
| લોંગ ટર્મ ગેઈન મ્યુ. ફંડના વેચાણ પર | ૨૦૮૦૭૬.૩૬ |
| | ૨૦૮૦૭૬.૩૬ |
| **શ્રી સેવિંગ્સ ખાતા વ્યાજ આવક** | |
| બેન્ક ઓફ બરોડા (૧૬૪૨) | ૬૦૭૩.૦૦ |
| | ૬૦૭૩.૦૦ |
| **અન્ય આવક** | |
| દાખલ ફી | ૨૦૦.૦૦ |
| પરચૂરણ આવક | ૮૮૦.૦૦ |
| | ૧૦૮૦.૦૦ |
| વર્ષ દરમ્યાન ઉપજ કરતાં ખર્ચનો વધારો | ૨૮૫૭૦૦.૦૫ |
| **કુલ સરવાળો** | **૫૦૦૯૨૯.૪૧** |

તા. ૧૬-૦૬-૨૦૨૬
અમદાવાદ

સમીરભાઈ દવે — પ્રમુખ
ફાલ્ગુન ઠાકર — ખજાનચી

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.



બાજખેડાવાળ પત્રિકા + મે - ૨૦૨૬

# સહકારી મંડળી લી. અમદાવાદ

પુરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું

| **ખર્ચ** | **રકમ રૂા.** |
|---|---|
| પગાર | ૧૧૫૩૦૦.૦૦ |
| વીજળી ખર્ચ | ૪૭૯૯.૧૩ |
| બેન્ક કમિશન | ૧૩૮૭.૨૮ |
| મ્યુનિસિપલ ટેક્ષ ખર્ચ | ૨૮૩૫૩.૦૦ |
| ઓડીટ ફી ખર્ચ | ૧૦૦૦૦.૦૦ |
| સ્ટેશનરીખર્ચ | ૯૦.૦૦ |
| અધિવેશન ડોનેશન ખર્ચ | ૧૨૫૦૦૦.૦૦ |
| શિક્ષણ સહાય ખર્ચ | ૨૧૦૦૦.૦૦ |
| ઈનામ વિતરણ ખર્ચ | ૧૯૫૦૦૦.૦૦ |
| | ૫૦૦૯૨૯.૪૧ |
| **કુલ સરવાળો** | **૫૦૦૯૨૯.૪૧** |

અમારા આજ તારીખના ઓડીટ રિપોર્ટ સાથે ઓડીટ રીમાર્કને આધીન

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાઈટર
મે. નંબર. ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. વતી

“સૌનો સાથ - જ્ઞાતિનો વિકાસ”

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન
૧/૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮
(મો.) : ૭૫૭૩૯ ૭૮૪૭૭

### દ્વિવાર્ષિક સામાન્ય સભાની નોટીસ

શ્રી અખીલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના આજીવન સભ્યો પૂરતી
મર્યાદિત દ્વિવાર્ષિક સામાન્ય સભા
તા. ૧૪-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે,
શ્રી બાજખેડાવાળ વાડી, ડાકોર મુકામે નીચેના કામો માટે મળશે.

**સ્થળ : શ્રી બાજખેડાવાળ વાડી, ડાકોર**

**કાર્યસૂચિ :**

(૧) ગત વાર્ષિક સાધારણ સભાથી આજ દિન સુધીના નામી-અનામી જ્ઞાતિજનો કે જેઓ સ્વર્ગસ્થ થયેલ છે તેમના માનમાં મૌન પાળવા.

(૨) ગત મિટીંગની મિનીટસ મંજૂર કરવા.

(૩) સને ૨૦૨૪-૨૦૨૫ અને સને ૨૦૨૫-૨૦૨૬ના ઓડિટેડ હિસાબો તથા અહેવાલ મંજૂર કરવા.

(૪) વ્યવસ્થાપક સમિતિ અને ટ્રસ્ટીઓની નિમણૂંક કરવા.

(૫) વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારોની નિમણૂંક કરવા.

(૬) પ્રમુખશ્રીની મંજુરીથી રજૂ થાય તે.

તા. ૧૬-૦૫-૨૦૨૫ **સમીરભાઈ દવે - મંત્રી**

**નોંધ**

(૧) કોરમના અભાવે આ સભા મુલત્વી રહેશે તો ઉપર જણાવેલ સ્થળે અર્ધા કલાક પછી મુલત્વી રહેલી સભા મળી ઉપરના કાર્યો હાથ ધરશે.





## ઓડિટર્સ રીપોર્ટ

**સાર્વજનિક ટ્રસ્ટનું નામ : શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા,**
**મણિનગર, અમદાવાદ.**

### નોધણી નંબર : એ-૨૩૯૮-અમદાવાદ

અમોએ ઉપરોક્ત ટ્રસ્ટના તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ના રોજ પૂરા થતાં વર્ષનો હિસાબ તપાસ્યો છે અને અમો રિપોર્ટ કરીએ છીએ કે :-

(૧) અમારા અભિપ્રાય મુજબ તથા અમારી ટીકાઓની આધિન ટ્રસ્ટના હિસાબ પદ્ધતિસર અને ટ્રસ્ટના કાયદા અને તે અંગેના કાનૂન મુજબ નિયમિત રીતે રાખવામાં આવ્યા છે.

(૨) ટ્રસ્ટની આવક તથા ખર્ચ હિસાબમાં યોગ્ય રીતે બતાવવામાં આવ્યા છે.

(૩) ઓડિટ કર્યાની તારીખે સહમંત્રીશ્રી સનતભાઈ દવે પાસેથી રોકડ સિલક તથા વાઉચરો હિસાબ પ્રમાણે બરાબર માલૂમ પડયા છે.

(૪) અમોને જોઈતા સઘળા, ચોપડા, દસ્તાવેજો, હિસાબો, વાઉચરો તથા દફતરો અમારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે.

(૫) ટ્રસ્ટની જંગમ મિલકત નથી.

(૬) ટ્રસ્ટના સહમંત્રીશ્રી સનતભાઈ દવેએ હાજર રહી જોઈતી સઘળી માહિતી તથા ખુલાસાઓ સંતોષકારક રીતે આપ્યા છે.

(૭) ટ્રસ્ટની મિલકત તથા ફંડનો ઉપયોગ ટ્રસ્ટના ઉદ્દેશ તથા હેતુ સિવાય બીજો કોઈ ઉદ્દેશ કે હેતુ માટે કરવામાં આવ્યો નથી.

સ્થળ : અમદાવાદ
તારીખ: ૦૧-૦૯-૨૦૨૫

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્સ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાયટર
મે. નંબર : ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W
UDIN: 25032603BNFUVS7622

શ્રી અખિલ ભારતીય બાજખેડાવળ હિતવર્ધક સભા વતી
શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખ)
શ્રી સમીરભાઈ દવે (મંત્રી)

## ઓડિટર્સ રીપોર્ટ

### સાર્વજનિક ટ્રસ્ટનું નામ : શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા,
### મણિનગર, અમદાવાદ.

## નોધણી નંબર : એ–૨૩૯૮–અમદાવાદ

અમોએ ઉપરોક્ત ટ્રસ્ટના તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ના રોજ પૂરા થતાં વર્ષનો હિસાબ તપાસ્યો છે અને અમો રિપોર્ટ કરીએ છીએ કે :–

(૧) અમારા અભિપ્રાય મુજબ તથા અમારી ટીકાઓની આધિન ટ્રસ્ટના હિસાબ પદ્ધતિસર અને ટ્રસ્ટના કાયદા અને તે અંગેના કાનૂન મુજબ નિયમિત રીતે રાખવામાં આવ્યા છે.

(૨) ટ્રસ્ટની આવક તથા ખર્ચ હિસાબમાં યોગ્ય રીતે બતાવવામાં આવ્યા છે.

(3) ઓડિટ કર્યાની તારીખે સહમંત્રીશ્રી સનતભાઈ દવે પાસેથી રોકડ સિલક તથા વાઉચરો હિસાબ પ્રમાણે બરાબર માલૂમ પડયા છે.

(૪) અમોને જોઈતા સઘળા, ચોપડા, દસ્તાવેજો, હિસાબો, વાઉચરો તથા દફતરો અમારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે.

(૫) ટ્રસ્ટની જંગમ મિલકત નથી.

(૬) ટ્રસ્ટના સહમંત્રીશ્રી સનતભાઈ દવેએ હાજર રહી જોઈતી સઘળી માહિતી તથા ખુલાસાઓ સંતોષકારક રીતે આપ્યા છે.

(૭) ટ્રસ્ટની મિલકત તથા ફંડનો ઉપયોગ ટ્રસ્ટના ઉદ્દેશ તથા હેતુ સિવાય બીજો કોઈ ઉદ્દેશ કે હેતુ માટે કરવામાં આવ્યો નથી.

સ્થળ : અમદાવાદ
તારીખ: ૧૬–૦૫–૨૦૨૬

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્સ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાયટર
મે. નંબર : ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W

શ્રી અખિલ ભારતીય બાજખેડાવળ હિતવર્ધક સભા વતી
શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખ)
શ્રી સમીરભાઈ દવે (મંત્રી)





### : ખાસ નોંધ :

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદના શેરહોલ્ડરશ્રીઓને જણાવવાનું કે, સંસ્થાના ફાજલ નાણાં આપણે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના મ્યુચ્યલ ફંડમાં વર્ષોથી રોકીએ છીએ. જેમાંથી દર વર્ષે જરૂર પડે રકમ ઉપાડીએ છીએ. ચાલુ સાલે ઈરાન–અમેરિકા–ઈઝરાઈલ યુદ્ધના કારણે બજારમાં માર્કેટ ડાઉન ગયેલ હતું. આપણા એડવાઈઝરની સલાહ મુજબ એટલા માટે આ વખતે આપણે ફંડ ઉપાડેલ નથી. જેથી બેલેન્સશીટમાં ખોટ જોવા મળે તેવી પ્રથમ દ્રષ્ટિએ તમને લાગે ખરેખર ખોટ છે નહીં. આ અહેવાલ આપના હાથમાં આવશે ત્યારે બજાર ફરીથી એજ સ્થિતિમાં આવી ગયેલ છે. જેની ખાસ નોંધ લેજો.

### : ખાસ નોંધ :

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદના આજીવન સભ્યઓને જણાવવાનું કે, સંસ્થાના ફાજલ નાણાં આપણે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના મ્યુચ્યલ ફંડમાં વર્ષોથી રોકીએ છીએ. જેમાંથી દર વર્ષે જરૂર પડે રકમ ઉપાડીએ છીએ. ચાલુ સાલે ઈરાન–અમેરિકા–ઈઝરાઈલ યુદ્ધના કારણે બજારમાં માર્કેટ ડાઉન ગયેલ હતું. આપણા એડવાઈઝરની સલાહ મુજબ એટલા માટે આ વખતે આપણે ફંડ ઉપાડેલ નથી. જેથી બેલેન્સશીટમાં ખોટ જોવા મળે તેવી પ્રથમ દ્રષ્ટિએ તમને લાગે ખરેખર ખોટ છે નહીં. આ અહેવાલ આપના હાથમાં આવશે ત્યારે બજાર ફરીથી એજ સ્થિતિમાં આવી ગયેલ છે. જેની ખાસ નોંધ લેજો.

**બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ૧૯૫૦ અન્વયે**
**SHEDULE VIII [VIDE RULE 17 (1)]**
**નોંધણી નંબર : એ-૨૩૯૮, અમદાવાદ**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ**
**તા. ૩૧-૩-૨૦૨૫ના રોજ પુરા થતાં**

| ઉપજ (આવક) | રૂા. | રૂા. |
|---|---|---|
| એફ.ડી.વ્યાજ આવક અને મ્યુ. ફંડ વેચાણ નફો | | |
| (પરિશિષ્ટ ઈ) મુજબ | ૨૮૬૭૪૭.૪૦ | |
| સેવિંગ ખાતા વ્યાજ આવક (પરિશિષ્ટ એફ) મુજબ | ૧૯૬૦૧.૦૦ | |
| અન્ય આવકો (પરિશિષ્ટ જી) મુજબ | ૬૩૯૧૨.૦૦ | ૩૭૦૨૬૦.૪૦ |
| વ્યાજ આવક :0 | | |
| સીક્યુરીટી વ્યાજ | | |
| લોન વ્યાજ | | |
| બેન્ક વ્યાજ | | |
| ડિવિડન્ડઝ | | |
| રોકડ અથવા વસ્તુ રૂપે મળેલ આવક | | |
| ગ્રાન્ટમાંથી મળેલ આવક | | |
| બીજા સાધનોમાંથી આવક | | |
| વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચનો વધારો | | ૭૮૧૫૬૯.૮૬ |
| કુલ | | ૧૧૪૫૮૩૦.૨૬ |

સ્થળ : અમદાવાદ
તા. : ૦૧-૦૯-૨૦૨૫

શ્રી અ.ભા.બા.ખે.હિતવર્ધક સભા વતી

**કિરીટકુમાર દવે - પ્રમુખ**

**સમીરભાઈ દવે - મંત્રી**





**હિતવર્ધક સભા, મણીનગર, અમદાવાદ**
**વર્ષનું ઉપજ-ખર્ચ ખાતુ**

| ખર્ચ | રૂા. | રૂા. |
|---|---|---|
| મિલકત સંબંધી ખર્ચ દર, કર અને સેસ | | |
| મરામત અને નિભાવ | | |
| પગાર | | |
| વિમો | | |
| ઘસારો (જોગવાઈ અથવા તોડજોડ) | | |
| બીજો ખર્ચ | | |
| એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | | |
| ટ્રસ્ટીઓનાં મહેનતાણાં તથા ઘર ખર્ચ હોય તે | | |
| કાનુન ખર્ચ | | |
| ઓડિટ ફી | | |
| ફાળો | | |
| ઘાલખાદ્ય | | |
| શિષ્યવૃત્તિ | | |
| પરચુરણ ખર્ચ | | |
| અનામત અથવા ખાસ ફંડમાં તબદીલ કરેલી રકમ | | |
| ટ્રસ્ટના હેતુને લગતાં ખર્ચ : | | |
| પરિશિષ્ટ એચ મુજબ | | ૧૧૫૧૮૩૦.૨૬ |
| કુલ | | ૧૧૪૫૮૩૦.૨૬ |

અમારા આજ તારીખના ઓડીટ રિપોર્ટ સાથે ઓડીટ રીમાર્કને આધીન

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાયટર
મે. નંબર. ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W
UDIN: 25032603BNFUVS7622

**બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ૧૯૫૦ અન્વયે**

**SHEDULE VIII [VIDE RULE 17 (1)]**

**નોંધણી નંબર : એ-૨૩૯૮, અમદાવાદ**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ**

**તા. ૩૧-૩-૨૦૨૫ના**

| ફંડ અને જવાબદારીઓ | રૂપિયા | રૂપિયા |
|---|---|---|
| **ટ્રસ્ટ, ફંડ, સ્થાપિત ફંડ અને અંકિત કરેલ ફંડ** | | |
| સ્થાપિત ફંડ (પરિશિષ્ટ એ મુજબ) | ૨૪૫૧૭૪૪.૦૦ | |
| તબીબી સહાય ફંડ-ગઈ સાલની બાકી | ૧૦૦૦૦.૦૦ | ૨૪૬૧૭૪૪.૦૦ |
| **અન્ય અંકિત કરેલા ફંડો** | | |
| (પરિશિષ્ટ બી મુજબ) | ૨૦૫૪૬૫૦૮.૫૨ | ૨૦૫૪૬૫૦૮.૫૨ |
| **ચાલુ દેવાં** | | |
| કે. એસ. જોષી એન્ડ કું. | ૧૦૦૦૦.૦૦ | |
| પ્રજ્ઞા એ. ભટ્ટ | ૬૫૦૦.૦૦ | |
| | | ૧૬૫૦૦.૦૦ |
| **આવક-જાવક ખાતું** | | |
| અગાઉના સરવૈયા મુજબ બાકી | ૧૭૨૬૩૬૭.૧૬ | |
| બાદ - ચાલુ વર્ષનો આવક કરતા ખર્ચનો વધારો | ૭૮૧૫૬૯.૮૬ | ૯૪૪૭૯૭.૩૦ |
| **કુલ** | | ૨૩૯૬૯૫૪૯.૮૨ |

સ્થળ : અમદાવાદ

તા. : ૦૧-૦૯-૨૦૨૫

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી

**સમીરભાઈ દવે**
**મંત્રી**

**કિરીટકુમાર દવે**
**પ્રમુખ**





**હિતવર્ધક સભા, મણીનગર, અમદાવાદ.**

**રોજનું સરવૈયું**

| મિલકતો તથા લેણાં | રૂપિયા | રૂપિયા |
|---|---|---|
| સ્થાવર મિલકત | | |
| ડેડ સ્ટોક | | ૬૪૦.૦૦ |
| **રોકડ તથા બેન્ક સિલક, મ્યુચુઅલ ફંડ** | | |
| બેંકોમાં એફ.ડી.આર., મ્યુ. ફંડ રોકાણો તથા | | |
| સેવિંગ્સ ખાતાની બાકી (પરિશિષ્ટ ડી. મુજબ) | | ૨૩૯૬૮૮૭૫.૮૨ |
| રોકડ સિલક | | ૩૪.૦૦ |
| **કુલ** | | ૨૩૯૬૯૫૪૯.૮૨ |

અમારા આજદીનના ઓડીટ રીપોર્ટ તથા ઓડીટ રીમાર્કને આધીન

સ્થળ - અમદાવાદ
તા. : ૦૧-૦૯-૨૦૨૫

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાયટર
મે. નંબર. ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W
UDIN: 25032603BNFUVS7622

**બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ૧૯૫૦ અન્વયે**
**SHEDULE VIII [VIDE RULE 17 (1)]**
**નોંધણી નંબર : એ–૨૩૯૮, અમદાવાદ**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, મણીનગર, અમદાવાદ**
**તા. ૩૧–૩–૨૦૨૬ના રોજ પુરા થતાં વર્ષનું ઉપજ–ખર્ચ ખાતુ**

| ઉપજ (આવક) | રૂા. | રૂા. |
|---|---|---|
| સેવિંગ ખાતા વ્યાજ આવક (પરિશિષ્ટ ઈ) મુજબ | ૨૨૭૭૫.૦૦ | |
| અન્ય આવકો (પરિશિષ્ટ એફ) મુજબ | ૨૮૬૧૧.૦૦ | ૫૧૩૮૬.૦૦ |
| વ્યાજ આવક | | |
| સીક્યુરીટી વ્યાજ | | |
| લોન વ્યાજ | | |
| બેન્ક વ્યાજ | | |
| ડિવિડન્ડઝ | | |
| રોકડ અથવા વસ્તુ રૂપે મળેલ આવક | | |
| ગ્રાન્ટમાંથી મળેલ આવક | | |
| બીજા સાધનોમાંથી આવક | | |
| વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચનો વધારો | | ૧૧૯૯૭૯૦.૨૧ |
| કુલ | | ૧૨૫૧૧૭૬.૨૧ |

સ્થળ : અમદાવાદ
તા. : ૧૬-૦૫-૨૦૨૬

શ્રી અ.ભા.બા.ખે.હિતવર્ધક સભા વતી

**કિરીટકુમાર દવે - પ્રમુખ**

**સમીરભાઈ દવે - મંત્રી**



બાજખેડાવાળ પત્રિકા + મે – ૨૦૨૬

| ખર્ચ | રૂા. | રૂા. |
|---|---|---|
| મિલકત સંબંધી ખર્ચ દર, કર અને સેસ | | |
| મરામત અને નિભાવ | | |
| પગાર | | |
| વિમો | | |
| ઘસારો (જોગવાઈ અથવા તોડજોડ) | | |
| બીજો ખર્ચ | | |
| એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | | |
| ટ્રસ્ટીઓનાં મહેનતાણાં તથા ઘર ખર્ચ હોય તે | | |
| કાનુન ખર્ચ | | |
| ઓડિટ ફી | | |
| ફાળો | | |
| ઘાલખાધ | | |
| શિષ્યવૃત્તિ | | |
| પરચુરણ ખર્ચ | | |
| અનામત અથવા ખાસ ફંડમાં તબદીલ કરેલી રકમ | | |
| ટ્રસ્ટના હેતુને લગતાં ખર્ચ : | | |
| પરિશિષ્ટ જી મુજબ | | ૧૨૫૧૧૭૬.૨૧ |
| કુલ | | ૧૨૫૧૧૭૬.૨૧ |

અમારા આજ તારીખના ઓડીટ રિપોર્ટ સાથે ઓડીટ રીમાર્કને આધીન

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાયટર
મે. નંબર. ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W

**બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ૧૯૫૦ અન્વયે**
**SHEDULE VIII [VIDE RULE 17 (1)]**
**નોંધણી નંબર : એ-૨૩૯૮, અમદાવાદ**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ**
**તા. ૩૧-૩-૨૦૨૬ના**

| ફંડ અને જવાબદારીઓ | રૂપિયા | રૂપિયા |
|---|---|---|
| **ટ્રસ્ટ, ફંડ, સ્થાપિત ફંડ અને અંકિત કરેલ ફંડ** | | |
| સ્થાપિત ફંડ (પરિશિષ્ટ એ મુજબ) | ૨૪૫૧૭૪૪.૦૦ | |
| તબીબી સહાય ફંડ-ગઈ સાલની બાકી | ૧૦૦૦૦.૦૦ | ૨૪૬૧૭૪૪.૦૦ |
| **અન્ય અંકિત કરેલા ફંડો** | | |
| (પરિશિષ્ટ બી મુજબ) | ૨૧૦૮૪૨૬૪.૫૨ | ૨૧૦૮૪૨૬૪.૫૨ |
| **ચાલુ દેવાં** | | |
| કે. એસ. જોષી એન્ડ કું. | ૧૦૦૦૦.૦૦ | |
| પ્રજ્ઞા એ. ભટ્ટ | ૬૫૦૦.૦૦ | |
| | | ૧૬૫૦૦.૦૦ |
| **આવક-જાવક ખાતું** | | |
| અગાઉના સરવૈયા મુજબ બાકી | ૯૪૪૭૯૭.૩૦ | |
| બાદ - ચાલુ વર્ષનો આવક કરતા ખર્ચનો વધારો | -૧૧૯૯૭૯૦.૨૧ | - ૨૫૪૯૯૨.૯૧ |
| કુલ | | ૨૩૩૦૭૫૧૫.૬૧ |

સ્થળ : અમદાવાદ
તા. : ૧૬-૦૫-૨૦૨૬

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી

**સમીરભાઈ દવે**
**મંત્રી**

**કિરીટકુમાર દવે**
**પ્રમુખ**





**હિતવર્ધક સભા, મણીનગર, અમદાવાદ.**
**રોજનું સરવૈયું**

| મિલકતો તથા લેણાં | રૂપિયા | રૂપિયા |
|---|---|---|
| સ્થાવર મિલકત | | |
| ડેડ સ્ટોક | | ૬૪૦.૦૦ |
| **રોકડ તથા બેન્ક સિલક, મ્યુચુઅલ ફંડ** | | |
| બેંકોમાં એફ.ડી.આર., મ્યુ. ફંડ રોકાણો તથા | | |
| સેવિંગ્સ ખાતાની બાકી (પરિશિષ્ટ ડી. મુજબ) | | ૨૩૩૦૦૩૧૯.૬૧ |
| રોકડ સિલક | | ૬૫૫૬.૦૦ |
| કુલ | | ૨૩૩૦૭૫૧૫.૬૧ |

અમારા આજદીનના ઓડીટ રીપોર્ટ તથા ઓડીટ રીમાર્કને આધીન

સ્થળ - અમદાવાદ
તા. : ૧૬-૦૫-૨૦૨૬

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(કે. એસ. જોષી)
પ્રોપરાયટર
મે. નંબર. ૩૨૬૦૩
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૦૪૩૯૮W

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ
## વિદ્યોતેજક ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતા
## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતા
## જ્ઞાતિનું ગૌરવ



**શ્રીયા ચિંતન દવે**

**જન્મ તા. ૨૪-૦૬-૨૦૦૮**

જય શ્રી સ્વામીનારાયણ

મૂળ આણંદ નિવાસી હાલ અમદાવાદ ખાતે નિવાસ કરતા ચિંતન હરીશભાઈ દવે તથા મિતલ ચિંતન દવેની લાડકવાયી સુપુત્રી શ્રીયા ચિંતન દવેએ ધોરણ -૧૨ CBSE બોર્ડ કોમર્સ સ્ટ્રીમમાં ૯૮.૬% મેળવી સમગ્ર અમદાવાદ ખાતે પ્રથમ સ્થાન મેળવી દવે પરિવારનું ગૌરવ વધાર્યું છે.

શ્રીયાએ સમગ્ર બાજખેડાવાળ સમાજનું નામ રોશન કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. શ્રીયાને ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ.

**શુભેચ્છા સહ...**

**હરીશભાઈ સત્યનારાયણ દવે (દાદા)** **બાબુભાઈ હિરાલાલ જોષી (નાના)**

**ઉર્મીલાબેન હરીશભાઈ દવે (દાદી)** **ગીતાબેન બાબુભાઈ જોષી (નાની)**

**ચિ. પરાર્થ (ભાઈ)**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ ફોન : (૦૨૬૯૨) ૨૪૪૨૧૨

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ યુ.એસ.એ.થી આદ્યસ્થાપક ડૉ. વનલતાબેન સી. ભટ્ટના તથા સર્વે કારોબારી સભ્યના જય મહાદેવ. વર્ષ ૨૦૨૬ માટે નવી કમીટીની નિમણૂંક કરવામાં આવી. જેમાં સર્વાનુમતે નવા સભ્યોની વરણી કરવામાં આવી. પ્રમુખ – રીટાબેન એમ. ધગટ, મંત્રી સેજલબેન એચ. મહેતા તથા સહમંત્રી અલ્પાબેન એચ. ઠાકર, અમીબેન એ. દણાક સલાહકાર પાયલબેન પી. દવે, ગીતાબેન એચ. શુકલ, દક્ષાબેન જે. ખંભોળજા તથા કારોબારી સભ્યો સર્વેને અભિનંદન.

વર્ષ ૨૦૨૫માં સભ્યશ્રીઓના સાથ–સહકાર તથા દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર. સમાજ દ્વારા કરવામાં આવેલ. ઉજવણી કાર્યક્રમમાં પ્રત્યક્ષ હાજરી આપી તથા દિવાદાંડીરૂપે દાન માટે સહકાર આપી. ઉત્સાહ આપવા બદલ આભાર. સત્કર્મો દ્વારા સમાજનું ઋણ અદા કર્યું છે. પોતાના જીવનની મહેનતની કમાણી (પરસેવા) સમાજ સેવા માટે અભુતપૂર્વ સાથ–સહકાર માટે હ્રદયપૂર્વક સર્વે સભ્યોને વંદન.

વર્ષ ૨૦૨૬ના પ્રથમ અધિક માસની ઉજવણી આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા કરાવવામાં આવશે. જે બહેનો એ અધિક માસની ઉજવણી કરવાની હોય તો કારોબારી મંડળની બહેનોનો સંપર્ક કરી નામ લખાવી દેવુ. જેની ઉજવણી તારીખ અમાસ તા. ૧૫–૬–૨૬ કરાવવામાં આવશે. જેની નોંધ લેશો.

| | | |
|---|---|---|
| **પાયલબેન પી. દવે** | **ગીતાબેન એચ. શુકલ** | **રીટાબેન એમ. ધગટ** |
| **પૂર્વ પ્રમુખ** | **પૂર્વ ઉપપ્રમુખ** | **પૂર્વ મંત્રી** |

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

### ફુલસ્કેપ ચોપડા વિતરણ

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટે ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવનાર છે. આ વિતરણ ૧ જુન થી ૧૫ જુન સુધીમાં સંસ્થા એ નક્કી કરેલ રકમથી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવનાર છે. વિદ્યાર્થીઓને જરૂરિયાત હોય તેઓએ ઉપર જણાવેલ સમય સુધીમાં સાંજે ૪.૦૦ થી ૭.૦૦ સુધીમાં મેળવી લેવાના રહેશે. સ્ટોક હશે ત્યાં સુધી જ વિતરણ ચાલુ રહેશે.

## ઈનામ વિતરણ ફોમ / ફી સહાય ફોર્મ વિતરણ

ઇનામ વિતરણ અને ફી સહાય ફોર્મનું વિતરણ ફૂલસ્કેપ ચોપડાના વિતરણ સાથે કરવામાં આવનાર છે. ઈનામ વિતરણ ફોર્મ સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે ભરીને આપવાની છેલ્લી તારીખ ૩૧–૮–૨૬ રહેશે જેનું રિઝલ્ટ આવેલ ન હોય તેઓએ ફોર્મ ઉપરોક્ત તારીખ સુધીમાં ભરીને આપી જવાનું રહેશે. માર્કશીટ પછી જમા કરાવશો તો ચલાવવામાં આવનાર છે અને ધોરણ ૧ થી ૧૨ના ફી સહાયના ફોર્મ ભરી પરત કરવાની છેલ્લી તારીખ ૩૧–૮–૨૬ છે. તે પછી આવેલ ફોર્મ સ્વીકારવા આવશે નહિ. તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ ૩૦–૧૧–૨૬ છે. જેની સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવી.

## અન્નપૂર્ણા સહાય યોજના

(૧) રૂ. ૫૦૦૧/– દુષ્યંત જે. પંડ્યા (૨) રૂ. ૫૦૦૦/– સુનિલ શંકરપ્રસાદ ભટ્ટ તરફથી સ્વ. મનોરમાબેન શંકરપ્રસાદ ભટ્ટ તથા સ્વ. શંકરપ્રસાદ જોઈતારામ ભટ્ટના સ્મરણાર્થે (3) રૂ. ૨૫૦૦૦/– શ્રી પુષ્પાબેન વિનાયકભાઈ પંડ્યા (૪) રૂ. ૨૫૦૦૦/– ઘનશ્યામ ચીમનલાલ દેસાઈ

## વિધવા–ત્યક્તા–વિધુર સહાય

(૧) રૂ. ૧૧૦૦૧/– નિરંજન ચંદુલાલ ભટ્ટ તરફથી રજનીકાત નટવરલાલ દવે અને કુમુદબેન રજનીકાંત દવેના નામે ફંડ મળેલ છે. (૨) રૂ. ૧૦૦૦૦/– માલતીબેન પ્રફુલચંદ્ર ઠાકર

## એજ્યુકેશન યોજના

(૧) રૂ. ૧૧૦૦૧/– નિરંજન ચંદુલાલ ભટ્ટ તરફથી રજનીકાત નટવરલાલ દવે અને કુમુદબેન રજનીકાંત દવેના નામે ફંડ મળેલ છે. (૨) રૂ. ૨૫૦૦૦/– પુષ્પાબેન વિનાયકરાવ પંડ્યા

## હોલ આધુનિકરણ ભંડોળ

(૧) રૂ. ૫૧૦૦૦/– કૌશિકભાઈ ભીખુભાઈ દવે અને દિપ્તીબેન કૌશિકભાઈ દવે તરફથી સ્વ. મધુબેન ભીખુભાઈ દવે તથા સ્વ. ભીખુભાઈ જયશંકર દવેના સ્મરણાર્થે (૨) રૂ. ૫૧૦૦૦/– શ્રી અજીતભાઈ ભીખુભાઈ દવે અને જ્યોતિબેન અજીતભાઈ દવે તરફથી સ્વ. મધુબેન ભીખુભાઈ દવે તથા સ્વ. શ્રી ભીખુભાઈ જયશંકર દવેના સ્મરણાર્થે

## મેડીકલ હેલ્થ ફંડ

(૧) રૂ. ૧૧૦૦૧/– શ્રી નિરંજન ચંદુલાલ ભટ્ટ તરફથી શ્રી રજનીકાંત નટવરલાલ દવે અને કુમુદબેન રજનીકાંત દવેના નામે ફંડ મળેલ છે.

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ ભટ્ટ / સંજય ત્રિવેદી** — **મંત્રી**

| | | |
|---|---|---|
| Name | : | Dr. Dhruvi Heratkumar Pandit |
| Height | : | 5’-3’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 18-06-2000 |
| Birth Time | : | 12.05 p.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | Doctor of Pharmacy |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 34000/- |
| Native Place | : | Anand |
| Mother Name | : | Heena Heratkumar Pandit |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Bhaveshkumar Manharlal Bhatt-Vadodara |
| Father | : | Heratkumar Madhusudan Pandit |
| Address | : | 32, Anjaniya Niketan, Nr. Shantikunj Society, B/h. Nana Bazar, B/h. G.H.Patel Com. Sci. College, Vallabh Vidhyanagar, Anand-388120 |
| Mobile No. | : | 9824167426 |
| E-mail | : | - |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | As Above |
| Choice | : | Post Greduate (Science) And Family Oriented |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Samanas |
| Nakshatra | : | Purva Shadha |
| Rashi | : | Dhan |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Vanar |
| Varg | : | Sarp |



| | | |
|---|---|---|
| Name | : | Ku. Shivani B. Dave (Work Permit - Canada) |
| Height | : | 5’-5’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 30-10-1998 |
| Birth Time | : | 10.45 PM |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | (1) P. G. Diploma Urban & Transportation Planning, Seneca Polytechnic, ON, Canada 2024-2025 (2) P. G. Diploma, Urban Design, Sheridan College, On, Canada -2023-2024 (3) Bachelor of Architecture, Anant National Uni. (Ahmedabad, Gujarat, India) Awarded by Gold Medal form Gujarat Civil Engineering & Architects for best overall performance-2017-2022 (4) Diploma in Architecture, Govt. Girls Polytechnic (Ahmedabad, Gujarat, India) 2014-2017 |
| Profession | : | Job |
| Native Place | : | Dakor |
| Mother Name | : | Bhavnaben Bharatkumar Dave |
| Borther/Sisters | : | 1-Sister-Married, 1-Brother-Unmarried |
| Maternal Place | : | Gandinagar |
| Father | : | Bharatkumar Chandravadan Dave |
| Address | : | 16, Bajkhedawal Society, Maninagar (East), Ahmedabad-380008, Gujarat, India |
| Mobile No. | : | 8154836996 (Mother), 9377915761 (Fahter) |
| E-mail | : | bharatdavesd@gmail.com |
| Choice | : | Canada - US Citizen - PR First Preference |
| Gotra | : | Vaacchas |
| Nakshatra | : | Shattarka Ghanishta |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Adhya |



નામ : કુ. હેત્વી દેવેન દવે ઊંચાઈ : ૫'–૧'' વજન : ૬૮ કિલો
જન્મતારીખ : ૨૬–૧૨–૧૯૯૯ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૦૪.૩૪ દિવસે
અભ્યાસ : B.Com. MBA (Finance) Pursuing CA
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : સામાનસ
રાશિ : કર્ક
નક્ષત્ર : અશ્લેશા–૩
નાડી : અંત્ય
માતાનું નામ : પ્રિતિ દેવેન દવે
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : દેવેન હરેન્દ્ર દવે
સરનામું : ૯, શ્રીનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ
ફોન/મોબાઈલ : ૯૮૨૪૧૫૬૭૦૬, ૯૪૦૯૪૮૨૨૦૦




---

નામ : કુ. ધ્રુવા હિરેનભાઈ ઠાકર ઊંચાઈ : – વજન : –
જન્મતારીખ : ૦૯–૦૨–૨૦૦૨ જન્મસ્થળ : ડાકોર જન્મસમય : ૧૧.૪૦ દિવસે
અભ્યાસ : બી.બી.એ.
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : –
માસિક આવક : –
ગોત્ર : શાંડિલ્ય
રાશિ : ધનુ
નક્ષત્ર : –
નાડી : મધ્યા
માતાનું નામ : મિતલબેન હિરેનભાઈ ઠાકર
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : હિરેનભાઈ યોગેશભાઈ ઠાકર
સરનામું : ૨૮૮૮, શ્રી રામનગર, સેવાલિયા, તા. ગલતેશ્વર, જિ. ખેડા–૩૮૮૨૪૫
ફોન/મોબાઈલ : ૯૪૨૮૪૩૪૭૧૮, ૯૪૨૮૮૧૧૯૪૩



નામ : ચિ. અમીતકુમાર કે. ઠાકર ઊંચાઈ : ૫’–૯’’ વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૨૨–૦૨–૧૯૮૮ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૦૯.૨૦ સવારે

અભ્યાસ : 12th Pass and First BA, ITI (R & F)

મૂળવતન : નડિયાદ વ્યવસાય : વ્યવસાય

માસિક આવક : રૂ. ૩૫૦૦૦/–




ગોત્ર : કશ્યપ

રાશિ : મેષ

નક્ષત્ર : અશ્વિની

નાડી : –

માતાનું નામ : સ્વ. જ્યોત્સનાબેન ઠાકર

ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત, બહેન–નથી

પિતાનું નામ : સ્વ. કરૂણાશંકર ઉમીયાશંકર ઠાકર

સરનામું : બી/૪૨૮, રિલાયન્સ ટાઉનશીપ, સેક્ટર–૧, ઉંડેરા ગામની નજીક, તપોવન મંદિર પાસે, વડોદરા

ફોન/મોબાઈલ : ૯૯૯૮૦૦૮૭૩૩

---

નામ : ચિ. પાર્થકુમાર વિરેશભાઈ ભટ્ટ ઊંચાઈ : ૫’–૮’’ વજન : ૫૨ કિલો

જન્મતારીખ : ૧૫–૦૯–૧૯૯૬ જન્મસ્થળ : અંકલેશ્વર જન્મસમય : ૧૯.૫૫ કલાકે

અભ્યાસ : B.Tech. Mechanical Eng., D.D.I.T. નડીયાદમાંથી પાસ કરેલ છે.

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : ૯૧૯૦૦૦/– વાર્ષિક




ગોત્ર : ચિત્રાણસ

રાશિ : કન્યા

નક્ષત્ર : ચિત્રા

નાડી : મધ્ય

માતાનું નામ : જયશ્રીબેન વીરેશભાઈ ભટ્ટ

ભાઈ/બહેન : –

પિતાનું નામ : વિરેશભાઈ જયવદનભાઈ ભટ્ટ

સરનામું : સી–૧૮૬૩, વૃંદાવન પાર્ક, કાળીયાબીડ, ભાવનગર

ફોન/મોબાઈલ : ૯૪૨૮૯૪૨૬૯૪, ૯૩૨૮૪૪૮૪૫૮

| | | |
|---|---|---|
| નામ | : | ચિ. વ્રજ વિમલકુમાર ખંભોળજા |
| ઊંચાઈ | : | ૬'-૦૦'' |
| વજન | : | ૭૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૮-૦૧-૨૦૦૧ |
| જન્મ સમય | : | ૦૮.૩૪ દિવસે |
| જન્મ સ્થળ | : | ઉમરેઠ |
| અભ્યાસ | : | M.Pahrm (Pharmaceatics) |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | રૂ. ૪૦૦૦૦/- |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | ગાયત્રીબેન વિમલકુમાર ખંભોળજા |
| ભાઈ/બહેન | : | ૧-ભાઈ-અપરણિત |
| મોસાળ | : | હિતેશકુમાર બાબુભાઈ પંડ્યા (મામા)<br>અલ્પેશકુમાર બી. પંડ્યા (મામા)-આણંદ |
| પિતા | : | વિમલકુમાર મુકુન્દરાય ખંભોળજા |
| સરનામું | : | ૨૦, ગોકુલધામ સોસાયટી, નારી કેન્દ્રની પાસે, ગોધરા |
| મોબાઈલ નં. | : | ૯૮૨૫૩૩૮૩૨૬ (પિતા) |
| ઈ-મેઈલ | : | vimalkhambholja@gmail.com |
| સંપર્ક | : | - |
| સરનામું | : | - |
| ફોન નંબર | : | - |
| પસંદગી | : | Well Educated & Cultured |
| નોંધ | : | - |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | વચ્છસ |
| નક્ષત્ર | : | મૃગશીર્ષ |
| રાશિ | : | વૃષભ |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | સર્પ |
| વર્ગ | : | મૃગ |



નામ : ચિ. ઈશાન દેવાંગભાઈ ભટ્ટ (Newzeland P.R>)
ઊંચાઈ : ૫'-૮''
વજન : ૬૨ કિલો
જન્મ તારીખ : ૧૭-૦૨-૧૯૯૪
જન્મ સમય : ૧૧.૧૦ સવારે
જન્મ સ્થળ : નડિયાદ
અભ્યાસ : B.E. In Electronics and Communication (India)
Postgraduation in Date Analytics (Newzeland)
વ્યવસાય : નોકરી
માસિક આવક : -
મૂળ વતન : અમદાવાદ
માતાનું નામ : કવિતા દેવાંગ ભટ્ટ
ભાઈ/બહેન : ૧-બહેન-પરણિત
મોસાળ : રવીન પ્રહલાદભાઈ મહેતા (અમદાવાદ-નડિયાદ)
પિતા : સ્વ. દેવાંગ આર. ભટ્ટ
સરનામું : એ-૨૫, કર્મચારીનગર, વિભાગ-૨, અર્જુન ગ્રેસ પાસે,
રત્ના પાર્ક, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧
ફોન નં. : +૬૪૨૨૫૧૫૫૭૯૪ (ઈશાન)
મોબાઈલ નં. : ૯૯૦૯૧૦૧૧૮૩ (કવિતા-માતા), ૯૧૦૬૭૩૨૨૫૭ (રવીન-મામા)
ઈ-મેઈલ : ishanbhatt172@gmail.com
સંપર્ક : -
સરનામું : -
ફોન નંબર : -
પસંદગી : ન્યુઝીલેન્ડ રહેવા માટે તૈયાર હોય તેવી કન્યા
નોંધ : -

ગોત્ર : ચિત્રાનસ
નક્ષત્ર : ભરણી
રાશિ : મેષ
નાડી : મધ્ય
ગણ : મનુષ્ય
વર્ણ : ક્ષત્રિય
યોનિ : ગજ
વર્ગ : મૃગ



## આવકાર

મા ને ભૂખી કેમ રખાય !

મુંબઈની "બેસ્ટ" કહેવાતી બસમાંથી ઉતરીને મેં મારા પેન્ટના ખિસ્સામાં હાથ નાખતાં જ હું ચોંકી ઉઠ્યો.

મારાથી ચાલાક કોઈ ખિસ્સા કાતરુંએ એની હસ્તકળા સફળતાથી અજમાવી હતી. મારા ખિસ્સામાં હતું પણ શું ? ખિસ્સામાં હતા માત્ર ૯૦ રૂપિયા અને મારી વૃદ્ધ મા ને લખેલુ પોસ્ટ કાર્ડ, જેમાં મેં માત્ર થોડા શબ્દોમાં લખ્યું હતું :

મા અત્યારે હાલ મારી નોકરી છૂટી ગઈ છે એટલે આ વખતે તને હું પૈસા મોકલી નહિ શકું.

આ લખેલું પોસ્ટ કાર્ડ ત્રણ દિવસથી પોસ્ટ કર્યા વિનાનું મારા ખિસ્સામાં જ પડી રહ્યું હતું. મને એ પોસ્ટ કરવાનું મન જ થતું ના હતું. માંડ માંડ મા ને મોકલવા માટે બચાવેલા ૯૦ રૂપિયા ખિસ્સાકાતરુએ ચોરી લીધા હતા. જો કે ૯૦ રૂપિયા આમ તો બહુ મોટી રકમ ના કહેવાય પરંતુ જેની નોકરી જતી રહી હોય એને માટે તો ૯૦ રૂપિયા પણ ૯૦૦ રૂપિયા કરતાં જરાય કમ નથી હોતા.

આમ થોડા દિવસો પસાર થઇ ગયા. એક દિવસે મારી મા નો કાગળ મને પોસ્ટમાં મળ્યો.

મા એ મોકલેલ આ પોસ્ટ કાર્ડ વાંચતાં પહેલાં હું થોડો ખમચાયો કે જરૂર મા એ પૈસા મોકલવા માટે ઉઘરાણી કરી હશે.પરંતુ જ્યારે મેં એ પત્ર પૂરો વાંચ્યો ત્યારે આશ્ચર્યથી હું છક થઇ ગયો.એ પત્રમાં મા એ લખ્યું હતું.

બેટા, તેં મોકલેલ ૧૦૦૦ રૂપિયાનું મનીઓર્ડર મને મળી ગયું છે. તું મારો કેટલો સારો છોકરો છે. તારા ખર્ચમાંથી પૈસા બચાવીને મારા માટે પૈસા મોકલવાનું ચૂકતો નથી કે મોકલવામાં થોડી ય આળસ કરતો નથી.

મા એ લખેલ આ પોસ્ટ કાર્ડ વાંચીને હું તો મૂંઝવણમાં પડી ગયો કે મેં તો મા ને પૈસા મોકલ્યા નથી તો એને મનીઓર્ડરથી પૈસા કોણે મોકલ્યા હશે !

થોડા દિવસો પછી મને એક પત્ર મળ્યો એમાંથી મારી મૂંઝવણનો મને જવાબ મળી ગયો. આ પત્રમાં જલ્દી વાંચી ના શકાય નહી એવા ગરબડીયા અક્ષરોમાં માત્ર થોડી લીટીઓમાં લખ્યું હતું.

ભાઈ, તારા ખિસ્સામાંથી મળેલા ૯૦ રૂપિયા અને મારા તરફથી એમાં ૯૧૦ રૂપિયા ઉમેરીને મેં તમારી માને ૧૦૦૦ રૂપિયાનું મનીઓર્ડર મોકલી આપ્યું છે, માટે ચીંતા ના કરશો. મા તો બધાંની એક સરખી જ હોય છે ને મા ને ભૂખી કેમ રખાય ?"

લિ. તારો ખિસ્સા કાતરુ !

લેખક :- ચંદ્રકાન્ત મહેતા

## ડોક્ટરની ડાયરી

શું કે'તો'તો મહેતો ?' કેસ કાઢવાની બારી ઉપર બેસતા વાળાભાઇએ પૂછ્યું. હું હસ્યો, 'ખાસ કશું નહીં. એ તો અમારા બે વચ્ચેની અંગત વાત ચાલતી હતી.' એમના દિમાગનું ઉષ્ણતામાન વધવા માંડ્યું, 'જાણું છું ! બધુંયે જાણું છું ! એ મે'તો મરવાનો થયો છે. તમે રહ્યા ડોક્ટર, ને એ મૂવો છે કલાર્ક. એને તમારી સાથે અંગત વાતું શેની કરવાની હોય! નક્કી એ મારી ચાડી–ચૂગલી કરવા આવ્યો હશે. પણ કહી દેજો એને કે કો'ક દિ' આ વાળો એની જીભડી કાપીને કાગડાને ખવડાવી નો ધ્યે, તોપ'

'હા... હા.... હા..! તમે તો સાવ કારણ વગર ધીંગાણાની ધમકી આપવા માંડ્યા. હું સાવ સાચું કહું છું, મહેતાભાઇ મારી પાસે આ મહિનાના મારા પગાર વિશે ચર્ચા કરવા આવ્યા હતા. ઇશ્વરના સોગંદ ખાઇને કહું છું એમણે તમારા વિશે હરફ સુદ્ધાંયે ઉચ્ચાર્યો નથી.'

'જો એવું હોય તો ઇ મે'તાના લાભની વાત છે. જે માતાજી!' આટલું બબડીને વાળા વિદાય થયા. મારા કન્સલ્ટિંગ રૂમને અડીને જ એની કેસપેપર કાઢવાની વિન્ડો આવેલી હતી. આટલી વારમાં ત્યાં દર્દીઓની ભીડ જામી ગઇ હતી. દર્દીઓમાં થોડોક કચવાટ પણ ફેલાયો હશે, જે ફરિયાદના છુટાછવાયા વાક્યરૂપે ફૂટવાની ફિરાકમાં હશે. વાળાના કાને વાક્ય અથડાયું, 'ચાલુ કામ પડતું મેલીને ટહેલવા નીકળી પડ્યા! અહીં દર્દીઓ હેરાન થાય છે એની ક્યાં કોઇને પરવા છે?'

'કોણ બોલ્યું એ ?' વાળાભાઇએ ત્રાડ નાખી, 'આ પરવા પરવા કોણ કરે છે ? મરવા નીકળ્યા છો ? અડધા તો મરવા જેવા થઇને અહીં આવ્યા છો, મારો એક હાથ પડશે તો પૂરા થઇ જશો. હું નોકરી હોસ્પિટલની કરું છું, તમારી નહીં. આટલી બધી ઉતાવળ આવી હોય તો પ્રાઇવેટ દવાખાને હાલ્યા જાવ! અહીં તો જે ઢબે થાતું હશે એટલું જ કામ થાશે !'

વરસો વીતી ગયાં આ ઘટનાને. પણ વાળાભાઇ હજુ સુધી ભુલાયા નથી. વાળાને મહેતા સામે વાંકું પડી ગયું હતું. મહેતા સાવ ભલો ને સીધો સાદો માણસ. બધાનાં કામ કરી આપે, પણ કાયદાની મર્યાદામાં રહીને. વાળાએ ક્યારેક કાયદો બાયપાસ કરવાનો આદેશ આપ્યો હશે જે મહેતાએ માન્યો નહીં, એમાં તે આજીવન વિરોધપક્ષ ઊભો કરીને મહેતાની સામે પડી ગયા.એક દિવસ વાળા મારી ઓપીડીમાં આવીને ગરજવા માંડ્યા, 'સાહેબ, મહેતાને સમજાવી દેજો કે મારી સાથે ટણી ન કરે! નહીંતર ટાંગ તોડી નાખીશપ'

'પણ મારા માનવા મુજબ તો મહેતાભાઇએ તમારી સાથે કોઇ પણ જાતની ટણી કરી જ નથી, એ તો તમારી દિશામાં નજર પણ કરતા નથી.''એ જ તો ટણી છે ને ! એ મહેતુડો સમજે છું શું એના મનમાં ? મને સામો મળે છે તો આડું જોઇ જાય છે. કો'ક દિ' હાથમાં આવી ગયો, તો એની ગરદન મરોડી નાખીશ. પછી ગામમાં ગમે ત્યાં ઊભો હશે તો પણ નજર મારી દિશામાં જ મંડાયેલી રે'શે. કહી દેજો એને.'

મને એમની ધમકી સાચી પડવાનો ભય લાગતો. હું સમય મળ્યે મહેતાની મારી પાસે બોલાવીને એમનો સંદેશો સંભળાવી દેતો. જવાબમાં મહેતાભાઇ ફિક્કું હસીને કહેતા, 'સાહેબ, હું શું કરું? તમે તો જાણો છો ને કે હું મરતાંને મર ન કહું એવો માણસ છું. પણ આ વાત એમને કોણ સમજાવે ? ભગવાને જેમ ધાર્યું હશે તેમ થાશે.'

એક દિવસ સાંજે છ વાગ્યે ઓફિસ સ્ટાફ છુટી ગયા પછીના સમયે વાળાભાઇને મેં એક ખૂણામાં ઊભા રહીને કોઇની સાથે ગુસપુસ કરતા જોયા. મને મામલો શંકાસ્પદ લાગ્યો. હું ચાલતો ચાલતો ત્યાં પહોંચી ગયો. વાળા ઓફિસના પટાવાળા રાજુ સાથે ધીમા સાદે ખુફિયા ગુફ્તગૂ કરી રહ્યા હતા. મેં જઇને એમને ચોંકાવી દીધા, 'શેનું ષડ્યંત્ર ઘડાઇ રહ્યું છે, ભાઇ ? મારી વિરુદ્ધમાં તો કારસો નથી રચતા ને ?'

'ના રે, સાહેબ. આ તો પેલા મે'તાને ઘામાં લેવાનો છે. હું ક્યારનો આ રાજુને સમજાવી રહ્યો છું કે મહેતાના ટેબલના ખાનામાંથી હિસાબનો ચોપડો તફડાવીને મને આપી દે ! પછી જોઇ લ્યો ભાયડાના ભડાકા ! મહેતાને નોકરીમાંથી બરતરફ કરાવીને જો ઘરે ન બેસાડી દઉં તોપ' સાંજના આછા અંધારામાં પણ હું વાળાની આંખોમાં લાલચોળ અંગારા ઝબૂકતા જોઇ શકતો હતો.

આ ખુન્નસે ભરાયેલા માણસને સમજાવવા જેટલી મારામાં તાકાત ન હતી. બીજા દિવસે મેં મહેતાભાઇને અણસાર આપી દીધો, 'તમારા એકાઉન્ટનો ચોપડો સાચવજો, એ તમારી રોજી–રોટી છે. મહેતા ઇશારામાં સમજી ગયા. એ દિવસથી રોજ નોકરીમાંથી છુટતી વખતે ચોપડો ઘરે લઇ જવા માંડ્યા.

એક દિવસ હોસ્પિટલમાં 'સ્વીપર' તરીકે કામ કરતી શારદા મારી પાસે આવી અને અચકાતાં અચકાતાં કહેવા લાગી, 'સાહેબ, પેલા કેસ કાઢવાવાળા સાહેબને તમે સમજાવો ને ! મને કેવું કેવું પાપ કરવાનું શીખવે છે !' હું ચિંતામાં પડી ગયો, 'શું થયું ? એણે તારાં તરફ ખરાબ નજર કરી ?' 'ના, સાહેબ! મારી હામું તો મારો ધણીયે નજર કરતો નથી. હું મૂઇ છું જ આવી ત્યારે ?' શારદા હસી પડી. 'તો શું થયું છે ?'

'વાળા સાહેબ કહે છે કે મારે લાગ જોઇને ત્યારે જ ઓફિસમાં ઝાડુ મારવા જવું જ્યારે ત્યાં મહેતાભાઇ એકલા હોય. પછી રાડારાડ કરી મૂકવી કે 'મહેતાભાઇએ મારી આબરૂ માથે હાથે નાખ્યો' એવું કહીને એમનો ભવાડો કરવો. વાળા સાહેબે મને સો રૂપિયા આપવાની લાલચ પણ આપી છે. હું તમને પૂછું, સાહેબ, કે આવું પાપ મારાથી કરાય ? ભગવાનના માણસ મહેતાભાઇની ફજેતી કરું તો હું પાપમાં ન પડું ?'

આ અભણ બાઇની સમજ ઉપર મને માન ઉપજ્યું, પણ વાળાના મનમાં રચાતા ખતરનાક કાવતરાં જાણીને હું ધ્રૂજી ઊઠ્યો. આ માણસની જોડે જો કોઇને પણ વાંકું પડી જાય, તો એનું આવી બન્યું સમજો ! વાળાની એક પછી એક યોજનાઓ નિષ્ફળ જતી ગઇ, એટલે એ સમજી ગયા. મારી પાસે આવીને ડોળા કકડાવીને હૈયાવરાળ ઓકવા લાગ્યા, 'મને ખબર છે કે તમે જ મહેતાને બચાવી રહ્યા છો. રાજુ અને શારદાવાળા પ્લાન્સ તમે જ નિષ્ફળ બનાવી દીધા છે. પણ હવે હું હોસ્પિટલની અંદર કંઇ નહીં કરું. જે કરીશ એ મહેતાના ઘરે કરીશ.'

'ત્યાં તો તમારે આવવા–જવાનો પણ વહેવાર નથી.' 'તો શું થઇ ગયું ? મહેતાના ઘરે મહેતાનો જ મિત્ર એને મળવાના બહાને જશે. સાથે એક મેલી ઘેલી થેલી હશે. મહેતાની નજર ચુકાવીને એ માણસ આ થેલી એના ઘરમાં સંતાડી આવશે. એ બહાર આવી ગયા પછી તરત પોલીસ દરોડો પાડશે અને થેલીમાં સંતાડેલી દારૂની બાટલી જપ્ત કરશે. તમારો મહેતો પ્રોહિબિશનના કાયદામાં જેલના સળિયા ગણતો થઇ જશે.'

વાળાનો માસ્ટર પ્લાન સાંભળીને હું હતાશ થઇ ગયો. મને સમજાઇ ગયું કે વાળાની ખોપરીની અંદર વિચારોની જગ્યાએ ષડ્યંત્રો પડેલાં હતાં. હવે મહેતાને ભગવાન પણ બચાવી શકે તેમ નથી.મારી ખામોશી જોઇને વાળા ઊભા થયા, જતાં જતાં કહેતા ગયા, ‘આવા તો એક હજાર નુસખા છે આપણી પાસે. જો શત્રુને ભોંય ભેગો કરવો હોય તો દુનિયાનાં તમામ ક્ષેત્રોની જાણકારી રાખવી પડે. તમે બચી ગયા, સાહેબ! બાકી તમનેય આંટીમાં લઇ નાખું. જે માતાજી’

વાળા અમને આંટીમાં લે એની પહેલાં ભગવાને એમને જ આંટીમાં લઇ લીધા. સવારે આઠ વાગ્યે મોટરબાઇક ઉપર બેસીને દવાખાના તરફ આવતા હતા, ત્યારે પાણીવાળી સડક ઉપર બાઇકનું પૈડું સ્લીપ થઇ ગયું. એમની જાંઘમાં બાઇકનું હેન્ડલ વાગી ગયું. રક્તવાહિનીમાં ઇજા થવાથી ખૂનનો ધોધ તૂટી પડ્યો. પાંચમી મિનિટે તો એમને અમારી જ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા.

સર્જન ડૉ. પરીખે તાત્કાલિક ઓપરેશનની તૈયારી આરંભી દીધી, પણ એનેસ્થેટિસ્ટે ના પાડી દીધી, ‘પેશન્ટ ઇઝ સિક્કિંગ. બ્લડની બોટલ તૈયાર હોય તો જ હું એનેસ્થેસિયા આપું. લેબોરેટરીમાં ખળભળાટ મચી ગયો. દર્દીનું બ્લડગ્રૂપ ચેક કર્યું તો ખબર પડી કે એ–નેગેટિવ હતું. પંદર હજારની વસ્તીમાં આવા રેર ગ્રુપનું બ્લડ ક્યાંથી મળે ? પણ મળી ગયું. તરત જ મળી ગયું. કલર્ક મહેતાએ સામે ચાલીને ઓફર કરી, ‘વાળાભાઇને ભલે દુનિયાનાં તમામ ક્ષેત્રોની જાણકારી હશે, પણ આ એક વાતની નહોતી કે આખા ગામમાં અમારા બે જણાનાં જ બ્લડ એક ગ્રૂપના છે. બચાવી લો મારા જાનના દુશ્મનને !

ભાનમાં આવ્યા પછી આ પૂરો ઘટનાક્રમ મેં જ વાળાને કહી સંભળાવ્યો. ટપ ટપ આંસુઓ સેરવતા વાળાભાઇને મેં પૂછ્યું, ‘કંઇ કહેવું છે ?’ એમના કંપતા હોઠો પરથી શબ્દો સર્યા, ‘ના, બીજું કંઇ નથી કહેવું. એને કે’જો કે જે માતાજી!’મને એવું કેમ સંભળાયું હશે કે વાળાભાઇ આવું બોલ્યા, ‘જે મે’તાજી !’

– શરદ ઠાકર

---

## ડોક્ટરની ડાયરીઃ શરદ ઠાકર

૧૯૭૬ની ઘટના. તપન નામનો ૧૮ વર્ષનો હેન્ડસમ યુવાન. મોરબીની એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરે. એક દિવસ સવારના દસ વાગે લઘુશંકા કરવા માટે ગયો, પછી તરત જ ગભરાઇને ડોકટરની પાસે દોડી ગયો. ‘શું થયું છે ?’

જનરલ પ્રેક્ટિશનર ડો. લિંબાસિયાએ પૂછ્યું. ‘પેશાબમાં લોહી પડે છે.’ તપને જવાબ આપ્યો. ‘એટલે કે યુરિનનો કલર લાલશ પડતો છે એમ જ ને?’ ‘ના, યુરિનને બદલે લાલ ચટ્ટાક લોહીની ધાર થાય છે.’ડો. લિંબાસિયાએ દવા લખી આપવાને બદલે તાત્કાલિક પેશાબનું લેબોરેટરી પરીક્ષણ કરાવી લેવાનું મુનાસિબ સમજ્યું. શહેરની સારી ગણાતી પેથેલોજી લેબોરેટરી ઉપર ભલામણ ચિઠ્ઠી લખી આપી. સાંજ સુધીમાં રિપોર્ટ તૈયાર થઇને આવી ગયો. લખ્યું હતું: પ્લેન્ટી ઓફ પસ સેલ્સ. એબન્ડન્ટ રેડ બ્લડ સેલ્સ. ડૉ.લિંબાસિયા સમજી ગયા કે રિપોર્ટ ગંભીર હતો, પણ સામે બેઠેલા તપનની હાલત રિપોર્ટ કરતાં પણ વધારે ગંભીર હતી.

એના શરીરમાંથી લોહી ઓછું થઇ રહ્યું હતું એની સાબિતી એના મોં ઉપર દેખાઇ રહી હતી. 'તને યુરિનરી ઇન્ફેક્શન થયું છે. સારી એન્ટિબાયોટિક દવા લખી આપું છું. પાંચ દિવસનો કોર્સ છે, પણ ફરક પડવાની શરૂઆત ચોવીસ કલાકમાં થઇ જશે, કહીને ડો. લિંબાસિયાએ પ્રિસ્ક્રિપ્શન ઉતારી આપ્યું.

ચોવીસ કલાકમાં ફરક જરૂર પડયો, પણ ડોકટરે કહ્યું હતું એના કરતાં તદ્દન ઉલટી દિશાનો. તપનના પેશાબમાં લોહીની માત્રા વધતી ગઇ. હવે પેશાબમાં લોહીને બદલે લોહીમાં પેશાબ જતો હોય એવું થઇ ગયું. ડો. લિંબાસિયાએ શહેરના જાણીતા ફિઝિશિયન અને બીજા એક હોશિયાર સર્જનની મદદ લીધી. મોટા ડોકટરો એટલે વધારે પરીક્ષણો. તપનના પેશાબતંત્રમાં પથરી કે ટી.બી.નો ચેપ કે ગાંઠ જેવ બીમારી છે કે નહીં એ માટેના ટેસ્ટ્સ કરાવી જોયા. કશું જ ન જડયું. ત્યાં સુધીમાં તપન એટલો કમજોર પડી ચૂકયો હતો કે એને રાજકોટ ખસેડવો પડયો. તપનનાં મમ્મી-પપ્પા રાજકોટમાં રહેતાં હતાં અને રાજકોટ એ વખતે પણ તબીબી ક્ષેત્રે સૌરાષ્ટ્રનું પાટનગર હતું.

રાજકોટમાં પણ તમામ શ્રેષ્ઠ તબીબોની પેનલ તપનની બીમારીનું નિદાન કરવા માટે બેઠી. એ બધાંએ ભેગા મળીને એક વાત શોધી કાઢી કે આ બાબતમાં એમનાથી કશુંય થઇ શકે તેવું નથી. સિનિયર ડૉકટરે તપનના પપ્પાને સલાહ આપી, 'તમારો દીકરો ડૂબી રહ્યો છે. એને બચાવવો હોય તો ઝટ મુંબઇ ભેગો કરો.' કોથળા જેવા બની ચૂકેલા દીકરાને ચકીને વિમાનમાં નાખવામાં આવ્યો. મુંબઇની પ્રખ્યાત, મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં પણ દરેક વિભાગના વડા નિષ્ણાત તબીબો તપનની હાલત તપાસવા ભેગા થઇ ગયા. દરેકનાં મોંમાંથી પહેલું વાકય સરી પડયું તે આ હતું, 'ઓહ, નો, હી ઇઝ અલમોસ્ટ ડેડ!'

આ લગભગ મૃત:પ્રાય બની ચુકેલા યુવાનને બચાવવા માટે બધા કામે લાગી ગયા. નવેસરથી લેબોરેટરી પરીક્ષણો કરાવવામાં આવ્યાં, પણ એના રિપોર્ટ્સ આવે એ પહેલાં ફરજ ઉપરની નર્સે દોડતાં આવીને સમાચાર આપ્યા, 'સર, તપન ઇઝ સિક્રિંગ! એનું બ્લડપ્રેશર ઝડપથી ઘટી રહ્યું છે. પલ્સ પણ મંદ પડતી જાય છે.' એક અઠવાડિયા પહેલાંનો ગોરો, ભરાવદાર, સોહામણો તપન હવે કાળો અને ચમકવિહોણો દેખાઇ રહ્યો હતો.

સિનિયર ડોકટર નિર્ણય ઉપર આવ્યા, 'નિદાનની રાહ જોઇ શકાય તેમ નથી. રોગની સારવારને નિર્ણય કરીએ ત્યાં સુધીમાં તો તપન!' પછી એમણે અશુભ વાતમાંથી જીભને વાળી લીધી, 'એના શરીરમાંથી એટલું બધું લોહી ચાલ્યું ગયું છે કે આપણે પહેલું કામ તો એને થોડું-ઘણું લોહી ચડાવવાનું કરવું પડશે. લેટ અસ મેનેજ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન!'

તપનના લોહીનું સેમ્પલ બ્લડ બેન્કમાં મોકલાયું. અડધા કલાકમાં તો એક બોટલ બ્લડની આવી ગઇ. તપનની 'વેઇન'માં પારકું રકત દાખલ થવું શરૂ થઇ ગયું, પણ આફતો આવે છે ત્યારે સમૂહમાં આવે છે. તપનને બીજાના લોહીનું જબરદસ્ત રિ-એકશન આવ્યું. આખા શરીરમાં ખજવાળ પડી, ચામડી ઉપર લાલ ચકામાં પસી આવ્યાં, છાતીમાં દુ:ખાવો પડયો, શ્વાસમાં રૂંધામણ થવા લાગી. તરત જ લોહીનો બાટલો બંધ કરી દેવો પડયો. હવે શું કરવું?

સિનિયર ફિઝિશિયને રસ્તો બતાવ્યો, 'દરદીના સાવ નજીકનાં સગાં હોય એનું લોહી ચડાવો! શકય હોય તો એનાં મમ્મી અથવા પપ્પાનું જ બ્લડ એને આપો, જેથી રિએકશન ન

આવે.' પણ તપનના પપ્પાને ડાયાબિટીસ હતો. મમ્મી પોતે જ એટલી નબળી હતી કે જો એના શરીરમાંથી એક યુનિટ લોહી કાઢી લેવામાં આવે, તો બીજા બે યુનિટ જેટલું રક્ત એને ચડાવવું પડે !

આ તબક્કે તપનની કટોકટીભરી સ્થિતિની વાત વાયરાની પાંખે સવાર થઇને મુંબઇના એક બહુ જૂના, લગભગ નિવૃત્તિની ધાર ઉપર બેઠેલા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સર્જન ડૉ. મહેતાના કાન સુધી જઇ પહોંચી. ડૉ. મહેતા વગર આમંત્રણે દોડી આવ્યા. તપનને તપાસી લીધો. એનો કેસપેપર વાંચ્યા વગર સીધો અને એકમાત્ર સવાલ પૂછ્યો, 'તને લોહી પડવાની શરૂઆત થઇ એની પહેલાં તેં કોઇ ટેબ્લેટ ગળી હતી ખરી? કોઇ પણ અન્ય બીમારી માટે દવા લીધેલી હતી ખરી?' પથારીમાં પડેલા તપને સ્મૃતિ ઉપર વજન મૂકીને જવાબ શોધી કાઢ્યો, 'હા, મને સાધારણ તાવ આવ્યો હતો, એટલે મેં કેમિસ્ટની દુકાને જઇને તાવની ગોળી માગી હતી.' 'એ ગોળીનું નામ એનાલ્જન હતું?'

'હા, એ ગોળી ખાધા પછી મારો તાવ તો ઉતરી ગયો, પણ બીજા દિવસની સવારથી મારા પેશાબમાં લોહી પડવું શરૂ થઇ ગયું હતું.' 'બેટા, એમ સમજ કે પેશાબ વાટે લોહી નહીં, પણ તારી જિંદગી જઇ રહી હતી!

પણ હવે તું ચિંતા ન કરીશ. હું આવી ગયો છું, હું તને મરવા નહીં દઉં.' દસ મિનિટ પછી દસ જેટલા ધુરંધર કન્સલ્ટન્ટ ડોક્ટરો સમક્ષ ડો. મહેતા પોતાનું અનુભવ–વિશ્વ ઠાલવી રહ્યા હતા, 'તપનને બીજું કંઇ નથી, પણ એ જી–સિક્સ પી.ડી.નો કેસ છે. એના શરીરમાં આ નામનાં એક ખાસ તત્વની ઊણપ છે. માટે એને કેટલીક ખાસ દવાઓ આપી શકાય તેમ નથી. એમાં સામાન્ય તાવ માટે એણે લીધેલી એનાલ્જિનની ગોળી પણ આવી જાય છે. તરત જ એના શરીરે ગોળીની સામે પ્રતિક્રિયા બતાવવી શરૂ કરી દીધી. પરિણામે છોકરો મરવા જેવો થઇ ગયો.' 'તો હવે સારવારમાં શું આપવું?'

'સારવારમાં એટલું જ કરો, એને આપો છે એ બધી જ સારવાર બંધ કરી દો! તપન ચોવીસ કલાકમાં સાજો થઇ જશે. હા, એણે જે લોહી ગુમાવ્યું છે એ સરભર તો કરવું જ પડશે, પણ એ લોહી એના નિકટનાં સગાંનું હોવું જૉઇએ અને અમુક ખાસ પરીક્ષણો કર્યાઉં પછી જ આપવું જોઇએ. 'ડો. મહેતાએ મત જણાવ્યો.

આવું લોહી તપનના મામા નિરંજનભાઇ તરફથી મળી ગયું. તપન ઝડપથી બેઠો થઇ ગયો. મોતના મુખમાંથી પાછો ફરેલો તપન અત્યારે તો પચાસ વરસનો થઇ ચૂક્યો છે. પૂરેપૂરો તંદુરસ્ત છે. એનો યુવાન પુત્ર કદાચ પપ્પાના આ જીવલેણ અનુભવમાંથી પ્રેરણા મેળવીને ડોક્ટર બની ચૂક્યો છે.

તપનભાઇ દીકરાને એક સલાહ અવશ્ય આપે છે, 'બેટા, ડોક્ટર બનવું અઘરું છે. સારા અને હોશિયાર ડોક્ટર બનવું વધારે અઘરું છે, પણ અનુભવી ડોક્ટર બનવું સૌથી વધારે અઘરું પણ છે અને જરૂરી પણ.

# प्रीपेड मृत्यु ?

Pune के एक बड़े श्मशान घाट में दोपहर के ३ बजे थे ।

'रोहन' (उम्र ३५ वर्ष),

जो अमेरिका की एक बड़ी सॉफ्टवेयर कंपनी में वाइस प्रेसिडेंट था, अभी-अभी फ्लाइट से उतरकर सीधे श्मशान घाट पहुँचा था ।

उसके पिता, 'सदाशिवराव' (उम्र ७५ वर्ष), कल रात गुजर गए थे ।

रोहन के हाथ में महंगा लैपटॉप बैग था और आँखों पर रेबैन का चश्मा ।

उसे पसीना आ रहा था और वह बार-बार घड़ी देख रहा था ।

वहाँ 'मोक्ष इवेंट मैनेजमेंट' (अंतिम संस्कार करने वाली एजेंसी) का कर्मचारी 'सुमित' खड़ा था।

सुमित ने सारी तैयारी कर रखी थी ।

लकड़ियाँ सजा दी थीं, पंडित बुला लिया था, और सदाशिवराव के पार्थिव शरीर को स्नान कराकर तैयार रखा था ।

रोहन आया ।

उसने पिता के चेहरे की ओर एक नजर डाली ।

आँखों से एक-दो आँसू निकल आए ।

उसने सुमित से पूछा : "मिस्टर सुमित, सब तैयार है ना ?

मुझे ६ बजे की रिटर्न फ्लाइट पकड़नी है ।

कल मेरी बहुत जरुरी मीटिंग है ।

प्लीज़ जल्दी कराइए ।

सुमित को आश्चर्य हुआ ।

जिस पिता ने इस बेटे को पाल-पोशकर बड़ा किया, उस पिता की चिता के पास रुकने के लिए इस बेटे के पास तीन घंटे भी नहीं थे ।

सुमित ने शांत होकर सिर हिलाया ।

विधि पूरी हुई ।

रोहन ने मुखाग्नि दी ।

धुएँ के गुबार आसमान में उठ गए ।

रोहन ने सुमित को अलग ले जाकर चेकबुक निकाली ।

“सुमित, धन्यवाद ।

आपने अच्छी व्यवस्था की ।

आपका बिल कितना हुआ ? ५० हजार ? १ लाख ?

राशि बताइए, मैं अभी चेक दे देता हूँ ।

मैं दोबारा नहीं आ पाऊँगा, अस्थि विसर्जन भी आप ही करवा दीजिए ।”

सुमित ने रोहन की ओर देखा ।

उसके चेहरे पर एक अजीब-सी मुस्कान थी ।

उसने जेब से एक पुरानी फाइल निकाली और रोहन के हाथ में दी ।

“साहब, बिल देने की जरूरत नहीं है ।

आपका बिल ‘पेड’ है ।”

रोहन चौंक गया ।

“पेड ?

किसने भरा पैसा ?

क्या मेरे चाचा ने ?

सुमित बोला:

नहीं साहब ।

पाँच साल पहले सदाशिवराव जी (आपके पिता) हमारे ऑफिस आए थे।

वे बहुत बीमार थे, ठीक से चल भी नहीं पा रहे थे।

उन्होंने मुझसे पूछा था आपका पैकेज क्या है?

मेरे बेटे को तकलीफ न हो, सब इंतज़ाम कर देंगे ना ?’

हमने उन्हें पैकेज बताया ।

उन्होंने उसी दिन ५०,००० रुपये एडवांस जमा कर दिए थे।

और यह ‘चिट्ठी’ मुझे देकर कहा था —

मेरा बेटा आए तो उसे यह दे देना । और अगर वह न आ सके, तो आप ही मेरा अंतिम संस्कार कर देना ।

सुमित ने वह चिट्ठी रोहन को दी । रोहन ने काँपते हाथों से चिट्ठी खोली ।

उसमें सदाशिवराव के काँपते अक्षरों में लिखा था :

“प्रिय रोहन, बेटा, मुझे पता है तुम बहुत व्यस्त हो।

अमेरिका में तुम्हें साँस लेने की भी फुर्सत नहीं होती।

मुझे मालूम है कि मेरी मृत्यु की खबर सुनकर तुम्हें चिंता होगी।

छुट्टी मिलेगी या नहीं ? टिकट मिलेगा या नहीं ? मीटिंग का क्या होगा ?

ये सवाल तुम्हारे मन में आएँगे।

बेटा, तुम्हारा समय और तुम्हारा करियर बहुत महत्वपूर्ण है।

मैंने तुम्हें इसलिए पाला है कि तुम दुनिया जीत सको।

एक बूढ़े की लाश के लिए तुम अपना नुकसान मत करना।

इसलिए मैंने अपनी मृत्यु की व्यवस्था पहले ही कर दी है।

एजेंसी को पैसे दे दिए हैं।

वे सब कर देंगे।

तुम आ सको तो अच्छा है, न आ सको तो भी मुझे कोई शिकायत नहीं।

बस एक विनती है, जब मैं तुम्हें बचपन में स्कूल छोड़ने जाता था, तो तुम्हारा हाथ कभी नहीं छोड़ा था।

आज जब तुम मुझे अग्नि दो, तो तुम्हारा हाथ काँपना नहीं चाहिए।

जल्दी वापस चले जाना। तुम्हारी पत्नी इंतज़ार कर रही होगी।

तुम्हारा, पापा।

चिट्ठी पढ़ते ही रोहन के हाथ से चेकबुक कीचड़ में गिर गई।

उस श्मशान में, जहाँ लकड़ियों के जलने की आवाज आ रही थीज वहाँ अब रोहन का अहंकार और करियर का घमंड जलकर राख हो चुका था।

वह घुटनों के बल बैठ गया।

चिल्लाया, पापा ! मुझे माफ कर दीजिए !

उसने सुमित के पैर पकड़ लिए।

“सुमित, मुझे अमेरिका नहीं जाना।

मुझे अपने पापा के साथ रहना है !

मैंने करोड़ों रुपये कमाए, पर मैं तो असली भिखारी निकला !

मेरे पापा ने मरते समय भी मेरी मीटिंग की चिंता कीज और मैं उनके अंतिम दर्शन का भी हिसाब लगा रहा था ?

उस दिन रोहन फ्लाइट नहीं पकड़ सका ।

वह वहीं, जलती चिता के सामने रात भर बैठा रहा ।

क्योंकि उसे समझ आ गया था — 'प्री-पेड' सिर्फ सिम कार्ड हो सकता है, पिता का प्रेम नहीं ।

पिता का प्रेम 'अनलिमिटेड' होता है, और उसकी कीमत दुनिया की कोई भी करंसी नहीं चुका सकती ।

आप दुनिया में कितने भी बड़े बन जाएँ, कितना भी पैसा कमा लेंज लेकिन जिन माता-पिता ने आपका बचपन सँवारा, उनके अंतिम सफर में साथ देने से कभी पीछे मत हटिए ।

एजेंसी अंतिम संस्कार कर सकती है, लेकिन आँसू एजेंसी के नहीं होते, वे अपने खून के रिश्तों के ही होते हैं। रिश्तों को संभाल कर रखे ।

---

મારું નામ વિવેક શર્મા છે. ઉંમર ૩૨ વર્ષ. લોકો જ્યારે પૂછે છે કે તમે શું કરો છો, તો હું કહું છું, કરિયાણાની દુકાન ચલાવું છું. તેઓ હસે છે, કારણ કે તેમને ખબર છે કે હું આઈઆઈટી બોમ્બેથી કોમ્પ્યુટર સાયન્સમાં ગોલ્ડ મેડલિસ્ટ હતો, અને સેન ફ્રાન્સિસ્કોની એક કંપનીનો ઓફર લેટર આજે પણ મારા કબાટમાં રાખેલો છે, જેના પર વાર્ષિક ૨,૪૦,૦૦૦ ડોલર (આશરે ૧.૬ કરોડ રૂપિયા તે સમયે) પગાર લખેલો છે.

મેં તે લેટર ક્યારેય ફાડ્યો નથી, પણ ક્યારેય વાપર્યો પણ નથી.

વાર્તા ૧૯૯૮ થી શરૂ થાય છે, કાનપુરના કિદવઈ નગરમાં. બે રૂમનું ઘર, ઉપર પતરાં. પપ્પા રેલવેમાં ક્લર્ક, મમ્મી ટ્યુશન ભણાવતી. હું એકનો એક દીકરો. પપ્પાનો પગાર ૮૦૦૦ રૂપિયા. મમ્મીના ટ્યુશનથી ૨૦૦૦. અમે મિડલ ક્લાસ પણ નહોતા, લોઅર મિડલ ક્લાસ હતા.

પણ પપ્પાનું એક સપનું હતું, દીકરો મોટો માણસ બને. તેમણે મને ક્યારેય નહોતું કહ્યું કે ડોક્ટર બન કે એન્જિનિયર બન. તેઓ બસ એટલું જ કહેતા, દીકરા, જેટલું ભણવું હોય એટલું ભણ, પૈસાની ચિંતા ન કરતો.

હું ભણતો ગયો. દસમામાં ૯૫ ટકા, બારમામાં ૯૭ ટકા. કોચિંગની ફી ૧ લાખ હતી. પપ્પાએ પીએફ ઉપાડ્યું. મમ્મીએ પોતાની બંગડીઓ વેચી. હું કોટા ગયો. બે વર્ષ પંખા નીચે ભણ્યો, મચ્છર ખાધા. ૨૦૧૨ માં રિઝલ્ટ આવ્યું, રેંક ૧૪૭. આઈઆઈટી બોમ્બે, કોમ્પ્યુટર સાયન્સ.

જે દિવસે લેટર આવ્યો, પપ્પા મીઠાઈનો ડબ્બો લઈને આખા મહોલ્લામાં વહેંચી આવ્યા. મમ્મી રડી પડી. બોલી, હવે મારો દીકરો અમેરિકા જશે.

આઈઆઈટીમાં હું ઊડ્યો. કોડિંગ, હેકાથોન, ઇન્ટર્નશિપ. ત્રીજા વર્ષમાં ગુગલ સમર ઇન્ટર્ન, ૧ લાખ સ્ટાઇપેન્ડ. મેં પહેલા પગારમાંથી પપ્પાને ફોન અપાવ્યો, મમ્મીને વોશિંગ મશીન. પપ્પાએ ફોન પર કહ્યું, દીકરા, હવે તો રિટાયરમેન્ટમાં આરામ કરીશ.

ફાઈનલ યરમાં પ્લેસમેન્ટ. હું દિવસ–રાત તૈયારી કરતો. ડિસેમ્બર ૨૦૧૫, મારો ઇન્ટરવ્યુ એક કંપની સાથે થયો, નામ હતું સ્ટ્રાઇપ જેવી પેમેન્ટ સ્ટાર્ટઅપ, બેઝ સેન ફ્રાન્સિસ્કો. ચાર રાઉન્ડ, છેલ્લે સીટીઓએ કહ્યું, વી વોન્ટ યુ (અમારે તારી જરૂર છે). ઓફર આવ્યો, ૨૪૦ ડોલર, H1B વિઝા, રીલોકેશન.

મેં હોસ્ટેલમાં બૂમો પાડીને મિત્રોને જણાવ્યું. રાત્રે પપ્પાને ફોન કર્યો. પપ્પા ચૂપ રહ્યા, પછી બોલ્યા, દીકરા, બહુ મોટી વાત છે. મમ્મીએ કહ્યું, પાસપોર્ટ કઢાવી લે.

મેં ટિકિટ જોવાનું શરૂ કર્યું, ઓગસ્ટ ૨૦૧૬ જોઈનિંગ હતું.

માર્ચ ૨૦૧૬ માં હોળી પર ઘરે આવ્યો. પપ્પા કમજોર લાગતા હતા. ખાંસી હતી. મેં કહ્યું, ડોક્ટરને બતાવો. બોલ્યા, કઈ નહીં, ઠંડી લાગી ગઈ છે. મમ્મી પણ થાકેલી લાગતી હતી. મેં વિચાર્યું, ઉંમર થઈ છે એટલે હશે.

એપ્રિલમાં મમ્મીનો ફોન આવ્યો. પપ્પા પડી ગયા છે, હોસ્પિટલમાં છે. હું ભાગ્યો. ડોક્ટરે કહ્યું, ફેફસામાં ઇન્ફેક્શન છે, સાથે હાર્ટની પ્રોબ્લેમ છે. એન્જિયોપ્લાસ્ટી કરવી પડશે. ખર્ચ, ૩ લાખ.

પપ્પા પાસે મેડિકલેમ હતો, પણ અડધો જ કવર થયો. મેં મારી ઇન્ટર્નશિપના પૈસા, ૨ લાખ, કાઢીને આપ્યા. ઓપરેશન થયું. પપ્પા બચી ગયા.

હું પાછો બોમ્બે ગયો, ફાઈનલ પ્રોજેક્ટ માટે. મે માં ફરી ફોન આવ્યો, મમ્મીને ચક્કર આવ્યા. તપાસ થઈ, બ્રેસ્ટ કેન્સર, સ્ટેજ ૨. ડોક્ટરે કહ્યું, કીમો શરૂ કરો, ૬ સાયકલ, દરેક સાયકલના ૮૦ હજાર. કુલ ૫ લાખ, વત્તા સર્જરી.

હું સુન્ન થઈ ગયો. પપ્પા રિટાયર થઈ ચૂક્યા હતા, પેન્શન ૧૨ હજાર. ઘરમાં સેવિંગ ખતમ. મેં મિત્રો પાસે ઉધાર માંગ્યું, ૧ લાખ મળ્યા. બાકીનાનું શું?

જૂનમાં હું ઘરે બેઠો હતો, ઓફર લેટર હાથમાં હતો. વિઝા ઇન્ટરવ્યુ ૧૫ જુલાઈએ હતો. ફ્લાઈટ ૧૦ ઓગસ્ટની. મમ્મીની પહેલી કીમો ૨૦ જૂને હતી.

મેં પપ્પાને કહ્યું, હું લોન લઉં છું. પપ્પા બોલ્યા, કોણ આપશે? ઘર ગીરો મૂકવું પડશે. મેં કહ્યું, મૂકી દઈશું. પપ્પાએ ના પાડી, બોલ્યા, આ ઘર તારી મમ્મીની નિશાની છે.

તે રાત્રે હું છત પર બેઠો. આકાશમાં પ્લેન જઈ રહ્યું હતું. મેં વિચાર્યું, આ જ પ્લેન મને લઈ જશે. બીજી તરફ મમ્મી નીચે દર્દમાં હતી.

મેં મારા મેન્ટરને મેઈલ કર્યો, શું જોઈનિંગ ડિફર (આગળ ઠેલી) થઈ શકે છે, ૬ મહિના માટે ? રિપ્લાય આવ્યો, સોરી વિવેક, અમને અત્યારે લોકોની જરૂર છે. તું આવતા વર્ષે ફરી એપ્લાય કરી શકે છે.

મેં ફરી મેઈલ કર્યો, રિમોટ (ઘરેથી કામ) શક્ય છે? જવાબ આવ્યો – ના.

૧૪ જુલાઈની રાત. વિઝા ઇન્ટરવ્યુ કાલે. મમ્મીની બીજી કીમો પરમ દિવસે. પપ્પા દવા લેવા ગયા હતા, પાછા ફર્યા તો ચિટઠી પડી ગઈ, ઝૂકીને ઉઠાવી ન શક્યા. મેં ઉઠાવી. તે ક્ષણે મને સમજાયું, હું જો જતો રહીશ તો આ બંને કેવી રીતે રહેશે ?

પપ્પા રિટાયર્ડ, બીમાર. મમ્મી કીમો પર. કોઈ ભાઈ-બહેન નથી. સગાં-સંબંધીઓ મદદ નથી કરતા. કોણ હોસ્પિટલ લઈ જશે, કોણ દવા લાવશે, કોણ રાત્રે પાણી આપશે ?

મેં સવારે વિઝા ઇન્ટરવ્યુ કેન્સલ કર્યો. કંપનીને મેઈલ લખ્યો, ઓફર માટે આભાર, ફેમિલી મેડિકલ ઇમરજન્સીને કારણે હું જોઈન કરવા અસમર્થ છું.

મિત્રોએ ફોન કર્યા, પાગલ છે કે શું, ૧.૬ કરોડની જોબ છોડી રહ્યો છે ? મેં કહ્યું, હા.

મમ્મીને ન જણાવ્યું. પપ્પાને કહ્યું. તેઓ ચૂપ રહ્યા, પછી બોલ્યા, દીકરા તારું કરિયર મેં કહ્યું, કરિયર ફરી બની જશે, તમે ફરી નહીં મળો.

મેં કાનપુરમાં જ નોકરી શોધી. એક લોકલ સોફ્ટવેર કંપની, પગાર ૩૫ હજાર. મેં જોઈન કરી લીધું. સવારે ૯ થી સાંજના ૬ ઓફિસ, સાંજે હોસ્પિટલ. કીમોમાં મમ્મીના વાળ ખરી ગયા, તે રડતી. હું વિગ લઈ આવ્યો. પપ્પાની દવા સમયસર આપતો.

૨૦૧૬ થી ૨૦૧૮, બે વર્ષ આવા નીકળ્યા. મમ્મીની સર્જરી થઈ, રિકવરી થઈ. કેન્સર રિમિશનમાં (કાબૂમાં) આવ્યું. પપ્પાની તબિયત સ્થિર થઈ. પણ પૈસા ખતમ થઈ ગયા હતા. મેં લોન લીધી, ૭ લાખ.

૨૦૧૮ માં કંપની બંધ થઈ ગઈ. હું બેરોજગાર. ઇન્ટરવ્યુ આપ્યા, બેંગલુરુથી ઓફર આવ્યો, ૧૮ લાખ. મેં મના કરી દીધી. પપ્પા બોલ્યા, જા દીકરા. મેં કહ્યું, હવે નહીં છોડી શકું. મમ્મીને દર ત્રણ મહિને ચેકઅપ, પપ્પાને ડાયાબિટીસ. કોણ જોશે ?

મિત્રો બોલ્યા, તું તારું કરિયર મારી રહ્યો છે. મેં કહ્યું, કરિયર મારું છે, માતા-પિતા પણ મારા છે.

મેં ઘરની નીચે એક નાની દુકાન ખોલી, પપ્પાના નામ પર શર્મા જનરલ સ્ટોર. કોમ્પ્યુટર છોડીને દાળ-ચોખા વેચવા લાગ્યો. પહેલા દિવસે શરમ આવી. આઈઆઈટીનો છોકરો દુકાન પર ! પછી એક આન્ટી આવ્યા, બોલ્યા, બેટા તારી મમ્મીએ મને ભણાવી હતી, તું દુકાન ખોલ, અમે અહીંથી જ સામાન લઈશું.

ધીમે-ધીમે દુકાન ચાલી. હું સવારે ૬ વાગ્યે હોલસેલ મંડી જતો, સામાન લાવતો, દિવસમાં દુકાન, રાત્રે ફ્રીલાન્સ કોડિંગ. ૫૦૦ ડોલરની વેબસાઈટ બનાવતો.

૨૦૧૯ માં મમ્મી પૂરી રીતે ઠીક થઈ ગઈ. ડોક્ટરે કહ્યું, ક્લિયર. તે દિવસે હું દુકાન બંધ કરીને મંદિર ગયો. પ્રસાદ ચઢાવ્યો. ઘરે આવ્યો તો પપ્પા બોલ્યા, દીકરા, તેં અમારા માટે બધું છોડી દીધું. મેં કહ્યું, છોડ્યું નથી, બદલ્યું છે.

૨૦૨૦ લોકડાઉન. દુકાન આવશ્યક સેવામાં ખુલ્લી રહી. લોકોને રાશન જોઈતું હતું. મેં હોમ ડિલિવરી શરૂ કરી. સાયકલ પર જતો. પપ્પા હિસાબ લખતા. મમ્મી પેકિંગ કરતી. તે લોકડાઉનમાં અમે ૨ લાખ કમાયા. મેં લોનનો અડધો ભાગ ચૂકવી દીધો.

૨૦૨૧ માં મેં દુકાનની સાથે એક નાનો કોમ્પ્યુટર ક્લાસ શરૂ કર્યો, બાળકોને કોડિંગ શીખવવા માટે. ફી ૫૦૦ રૂપિયા મહિનો. ૨૦ બાળકો આવ્યા. મને ફરીથી કોડિંગની મજા આવવા લાગી.

૨૦૨૨ માં એક બાળક, અંશ, જે મારી પાસે ભણતો હતો, તેણે નેશનલ ઓલિમ્પિયાડ જીત્યો. ન્યૂઝમાં આવ્યું, 'કાનપુરના કરિયાણાવાળા આઈઆઈટીયન પાસે શીખીને જીત્યો'. તે આર્ટિકલ વાયરલ થયો.

તે જ અઠવાડિયે મને મેઈલ આવ્યો, સ્ટ્રાઇપના તે જ સીટીઓ (ર્ઝ્) તરફથી. લખ્યું હતું, વિવેક, મેં તારી સ્ટોરી જોઈ. અમે ઈન્ડિયા ઓફિસ ખોલી રહ્યા છીએ. શું તું એજ્યુકેશન ઇનિશિએટિવ લીડ કરવાનું પસંદ કરીશ? રિમોટ (ઘરેથી), પાર્ટ ટાઈમ.

મેં હા પાડી. હવે હું સવારે દુકાન, બપોરે ક્લાસ, સાંજે યુએસ ટીમ સાથે કામ કરું છું. પગાર ડોલરમાં નથી, પણ ઇજ્જત બહુ છે.

ગયા મહિને પપ્પા ૬૮ વર્ષના થયા. મેં નાનો ફંક્શન રાખ્યો. મિત્રો આવ્યા, એ જ જે કહેતા હતા તેં કરિયર બરબાદ કર્યું. પપ્પાએ માઈક લઈને કહ્યું, મારો દીકરો અમેરિકા ન ગયો, પણ મારી પાસે રહ્યો. જ્યારે હું હોસ્પિટલમાં હતો, તેણે મારો હાથ પકડ્યો. જ્યારે આની મમ્મીના વાળ ખરી ગયા, તેણે ચોટલી બનાવી. કરિયર તો બહુ લોકો બનાવે છે, દીકરો કોઈ કોઈક જ બને છે.

મમ્મીએ ધીમેથી કહ્યું, મને આજે પણ તે ઓફર લેટર યાદ છે. તેં કબાટમાં કેમ રાખ્યો છે? મેં કહ્યું, જેથી યાદ રહે મેં શું છોડ્યું. બોલી, તેં છોડ્યું નથી, તેં પસંદ કર્યું છે.

આજે દુકાન પર બેઠો છું. સામે સ્કૂલના બાળકો ટોફી લઈ રહ્યા છે. લેપટોપ પર કોડ ચાલી રહ્યો છે. પપ્પા બાજુમાં અખબાર વાંચી રહ્યા છે, મમ્મી કાઉન્ટર પર બેઠી છે.

ક્યારેક-ક્યારેક રાત્રે તે ઓફર લેટર કાઢું છું. ૨૪૦,૦૦૦ ડોલર. પછી મમ્મીનું હસવું સાંભળું છું, પપ્પાની ખાંસી ઓછી થઈ છે, તે જોઉં છું. અને લેટર પાછો મૂકી દઉં છું.

લોકો પૂછે છે, પસ્તાવો થાય છે? હું સચ કહું છું, પહેલા થતો હતો. જ્યારે મિત્રો બેંગલુરુથી કે યુએસ ટ્રિપના ફોટા મૂકતા. હવે નથી થતો. કારણ કે મેં કરિયરનો ત્યાગ નથી કર્યો, મેં કરિયરને રીડિફાઈન (ફરીથી વ્યાખ્યાયિત) કર્યું છે.

મારું કરિયર હવે માત્ર કોડ નથી, કેર (સંભાળ) છે.

મેં માતા-પિતા માટે અમેરિકા છોડ્યું, પણ તેમની સાથે જિંદગી જીવી લીધી. પપ્પાને દર સવારે ચા આપી શકું છું, મમ્મીના પગ દબાવી શકું છું. આ ૨.૪ કરોડમાં નથી મળતું.

જો ફરીથી તક મળે, તો હું ફરીથી એ જ કરીશ. વિઝા કેન્સલ, જોબ છોડીશ, દુકાન ખોલીશ. કારણ કે અમુક ત્યાગ ખોટ નથી હોતા, તે રોકાણ હોય છે, પ્રેમમાં.

અને આજે જ્યારે કોઈ બાળક પૂછે છે, ભૈયા તમે આઈઆઈટી કરીને દુકાન કેમ? હું હસીને કહું છું, કારણ કે મારા માતા-પિતા મારી સૌથી મોટી કંપની છે, અને હું તેમનો ફૂલ ટાઈમ સીઈઓ (CEO) છું.

## ડોક્ટરની ડાયરી: ડોક્ટર શરદ ઠાકર

અર્જુન નથી થાવું મારે, મને સુદામા જ રહેવા દો.

જોઈને દ્વાર પર મને, એને ઉઘાડા પગે દોડવા દો.

રોડ સાઈડ બાવા-કમ-જ્યોતિષીએ કમલેશ દવેના જમણા હાથની હથેળી જોઈને પૂછ્યું.

તમારી જન્મતારીખ ? જન્મનો સમય ? જન્મનું સ્થાન ?

કમલેશ દવેએ જન્મનું વર્ષ કહ્યું. સમય યાદ ન હતો. જન્મસ્થળ અમદાવાદ. ભુખડી બારસ જેવા જોશીએ બાજુમાં પડેલી સ્લેટ ઉઠાવી પેનથી આડાઅવળા લીટા તાણ્યા. પછી ફરી પાછા પૂરક પ્રશ્નો પૂછ્યા.

'નોકરી-ધંધો કરો છો.'

'ના.'

કમલેશ દવેએ મોઘમ ઉત્તર આપ્યો. ફૂટપાથિયો જ્યોતિષી ગૂંચવાયો. કપાળ ઉપર ઉપસી આવેલી આડી કરચલીઓમાંથી વધુ એક સવાલ બહાર પડ્યો..

'શું તમે ભણો છો ?'

'ભણતો હતો, ગઈકાલે જ છોડી દીધું.'

કમલેશ દવે જાણીજોઈને 'નરોવા કુંજરોવા જેવા જવાબો આપી રહ્યા હતા. ભીખ મંગો સાધુ વધુ ગૂંચવાયો. મનમાં જન્મ પામતી ભવિષ્યવાણી અને સામેથી સાંપડતા જવાબો એ બે વચ્ચે કોઇ તાલમેલ બેસતો ન હતો, તેમ છતાં અંતે હિંમત કરીને એણે કહી જ નાખ્યું.

ભાઈ, તું કોણ છે એ હું જાણતો નથી. તું સાચું બોલે છે કે ખોટું, એ પણ હું જાણતો નથી. પણ એટલું હું જાણું છું કે તારા ભાગ્યમાં બાણરેખા મુકાયેલી છે. આ બાણરેખા તારા વર્તમાનના કામઠામાંથી અર્જુનના તીરની જેમ છૂટશે અને તને દરિયાપાર લઈ જશે.

પછી આજુબાજુમાં જમા થયેલી ભીડ ઉપર સર્વગ્રાહી નજર ફેંકીને એણે કહ્યું.

આ મહાપુરુષના દર્શન કરી લો. ભવિષ્યમાં એ કરોડપતિ થવાનો છે.

૧૯૮૦ના વર્ષોની ઘટના. માર્ચ મહિનો. જ્યારે એક લાખ રૂપિયામાં અમદાવાદમાં ફ્લેટ ખરીદી શકાતો હતો અને પચાસ હજાર રૂપિયામાં કાર ત્યારે ફૂટપાથિયો અર્ધદગ્ધ ટીડો જ્યોતિષી અસારવા વિસ્તારની ફૂટપાથ પર બેસીને કમલેશ દવેને કરોડપતિ બનવાની ખાતરી આપી રહ્યો હતો. કમલેશ દવેએ ખિસ્સામાંથી બે રૂપિયાની નોટ કાઢીને એ ગરીબ ધોતીધારી જ્યોતિષીના હાથમાં દક્ષિણા મૂકીને ત્યાંથી વિદાય થયા. માત્ર એ જ જાણતા હતા કે જવાબો આપવામાં એમણે કેટલું જણાવ્યું હતું અને કેટલું છુપાવ્યું હતું. કમલેશ દવે વાસ્તવિકમાં ડોક્ટર કમલેશ દવે હતા. વી. એસ. હોસ્પિટલના ન્યુરોસર્જરી ડિપાર્ટમેન્ટમાં હાઉસમેન હતાં. હજુ ગઈકાલે જ એમણે ન્યુરોસર્જરીનો અભ્યાસ અને ડિપાર્ટમેન્ટની જોબને છોડી દીધા હતા. ત્રણેક મહિના પહેલા બકુલા નામની એક એન.આર.આઈ. યુવતી સાથે મેરેજ કરી લીધા હતા. અમેરિકા જવા માટેની ફાઇલ મૂકી દીધી હતી. એમના એક મિત્રના પપ્પા આરોગ્યખાતાના નિયામક હતાં. એમણે સલાહ આપી હતી..

તારી પાસે ચારેક મહિના ફાજલ પડ્યા છે. ત્યાં સુધી તું સરકારી જોબ સ્વીકારી લે. વી.એસ.હોસ્પિટલમાં તને જેટલું સ્ટાઇપેન્ડ મળતું હતું તેના કરતાં ત્રણ ગણો વધારે પગાર

મળશે. ભારતના ગ્રામ્ય જીવનનો અનુભવ પણ થશે. આવતીકાલે બપોરે બે વાગે મારી ઓફિસમાં આવીને ઓર્ડર લઈ જજે.

કમલેશ દવે ‘ડિરેક્ટર ઓફ હેલ્થ’ને મળવા જતા હતા. વાહનમાં એમની પાસે સાયકલ હતી. રસ્તામાં અસારવા વિસ્તારમાં જમા થયેલી ભીડ જોઇને એમણે સાયકલ સ્ટેન્ડ ઉપર ચડાવી દીધી અને ટોળામાં પ્રવેશી ગયા. જ્યારે સાયકલ ઉપર પાછા સવાર થયા ત્યારે સાઇકલના પૈડા ભલે ધરતીને અડતા હતા, પણ એની ઉપર સવાર થયેલા કરોડપતિ કમલેશ દવે આસમાનમાં ઉડતા હતા. નોકરીનો ઓર્ડર મળી ગયો. બીજા દિવસે હાજર થવાનું હતું. ખેડબ્રહ્મા અને અંબાજી વચ્ચેનું સાવ નાનું ગામડું. દુકાન જેવડું દવાખાનુ. ગામની કુલ વસ્તી ૫૦૦ માણસોની. ખખડધજ સરકારી જીપ અને ૨૪ કલાક ડોલતો રહેતો ડ્રાઇવર. ’ડોક્ટરસાહેબ પધાર્યા છે. એ જાણીને તદ્દન ગરીબ એવા એક ગામડાના સહેજ ઓછા ગરીબ (એટલે કે સુખી) નાગરિકો મળવા માટે દોડી આવ્યા. એક મંદિરનો પૂજારી હતો. એક નાની એવી હાટડીનો વહેપારી હતો. એક સરપંચ હતો. તેલની ઘાણી ચલાવતો એક ઘાંચી હતો. ડોક્ટર કમલેશ દવે માટે ભાડાનું મકાન શોધી કાઢવામાં આવ્યું. એક સાત્વિક પરિવારમાં ભોજનની વ્યવસ્થા કરી દેવામાં આવી. અહીં નજીવી રકમના બદલામાં બધું ગોઠવાઇ જતું હતું. અમદાવાદમાં જન્મેલા અને મોટા થયેલા ડોક્ટર કમલેશ દવે માટે સાવ પછાત અને આદિવાસી વસ્તીવાળા ગામડામાં રહેવાનો આ પહેલવહેલો અનુભવ હતો. દવાખાનામાં બે વાર જવાનું હતું. સવારના સમયે પંદર-વીસ દર્દીઓ આવતા હતા. બપોરે ૧૨ વાગ્યે ભોજન કરીને વામકુક્ષી કરવાની. વહેલા વાગે ચાર બપોરે કમ્પાઉન્ડર આવીને જગાડે. સાહેબ, દર્દીઓ બેઠા છે. તમારી રાહ જુએ છે. પાંચ દર્દીઓ તપાસતા માંડ અડધો કલાક થાય. એ પછીની આખી સાંજ એમના કાબૂમાં અને આખી રાત તેમના તાબામાં નવી ફસલ ખળામાં આવે એટલે કોઈ ભોળીયો ખેડૂત ચાર-પાંચ અગ્રણી સજ્જનોને વાડીએ બોલાવે અને દાળબાટીની મિજબાની આપે. લીલાછમ ખેતરને ખોળે ખુલ્લા આસમાન નીચે ગામડાના પ્રેમાળ મિત્રોની સાથે બેસીને ડોક્ટર દવે નવા તાજા સોડમદાર ઘઉંની બાટી ભાંગીને એમાં વાઢીમાંથી રેડાતું ગાયનું ચોખ્ખું ઘી ચોળાઈને તીખી તમતમતી અડદની દાળ ઉમેરીને સબડકા મારતા કોળીયે જે અમૃતનો આસ્વાદ ગળાની નીચે ઉતારતા હોય એની આગળ ઇન્દ્રના ભોજન પણ સાવ તુચ્છ લાગે.

એમાં પણ સરપંચે બનાવેલી લસણની ચટણી તો વિશ્વની કોઈપણ રેસ્ટોરન્ટ ના પીરસી શકે ! ક્યારેક સરકારી જીપમાં ગાંઠનું ડીઝલ ભરાવીને અંબાજી પહોંચી જવાનું. માં અંબાના દર્શન કરીને સ્થાનિક સિનેમા હોલમાં ફિલ્મ જોવાની. ટોકીઝનો માલિક ટિકિટના પૈસા પણ ના લે. ગામડામાં આજે પણ ડોક્ટરની આટલી પ્રતિષ્ઠા જળવાઈ રહી છે. એક દિવસ બપોરના સમયે ભોજન પછી ડૉક્ટર કમલેશ મીઠી નીંદર માણતા હતા ત્યારે અચાનક કમ્પાઉન્ડર આવ્યો.

સાહેબ, જલ્દી તૈયાર થઈ જાવ. મારી સાથે આવવું પડશે.

કોઈ ઇમરજન્સી કેસ છે ?

ડોક્ટર કમલેશે બગાસુ ખાતા પૂછ્યું આવું ક્યારેય બન્યું ન હતું.

ના, સાહેબ પેશન્ટ તો નથી, પણ કોઈ સાધુ મહારાજ પધાર્યા છે. હું તમને કેવી રીતે સમજાવું, સાહેબ ? સાધુ, એટલે ખૂબ મોટા સાધુ છે. સાથે હાથી પણ છે. મોટો રસાલો છે. ડંકા–નિશાન છે. ગામની બહાર તંબુ તાણ્યો છે. સરપંચ તમને બોલાવે છે.

પણ એમાં મારી શી જરૂર ? મને એવા કોઈ સાધુ–સંતને મળવામાં રસ નથી.

એવું ના બોલો, સાહેબ તમે એકવાર આવો તો ખરા. તમને બોલાવવાનું સૌથી મોટું કારણ એ છે કે આ સાધુ મહારાજ અંગ્રેજીમાં વાત કરે છે. અમારા આખા પંથકમાં કોઈને અંગ્રેજી આવડતું નથી. એટલે તમને બોલાવ્યા છે.

કમ્પાઉન્ડરની પાછળ પાછળ ડોક્ટર કમલેશ દવે ચાલી નીકળ્યા. ત્યાં જઈને સાધુ મહારાજને જોઇને જ પ્રભાવિત થઈ ગયા. કેમ ન થાય ? એ સાધુ બીજા કોઈ નહીં પણ કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય 'શ્રી જયેન્દ્ર સરસ્વતીકોજી' સ્વયં હતા. તે સમયે તદ્દન યુવાન હતા. વિદ્યાના તેજથી ઝગમગતો ચહેરો. પ્રેમ વરસાવતી આંખો અને સનાતન વૈદિક ધર્મની પતાકા દિગદિગંતમાં ફરકાવતી એમની શિખા. પૂજ્ય શ્રી શંકરાચાર્ય પુરા ભારતની યાત્રાએ નીકળ્યા હતા. એ દરમિયાન દ્વારકાધીશના દર્શન કરીને અંબાજી જતી વખતે માર્ગમાં આ ગામમાં રોકાયા હતા. ધર્મમાં ખાસ શ્રદ્ધા ન ધરાવતા ડૉ કમલેશ દવે પહેલી વખત આ મહાજ્ઞાની ધર્મપુરુષથી પ્રભાવિત થયા હતા. પૂરા ચોવીસ કલાક તેમને પૂજ્ય શંકરાચાર્યજીના સત્સંગનો લાભ મળ્યો. વાતચીત દરમિયાન એક તબક્કે પૂજ્ય શંકરાચાર્યજીએ ડોક્ટર દવેના કપાળ તરફ નજર સ્થિર કરીને ભાખ્યું.

યુ આર નોટ હીયર ફોર લૉંગ. યુ આર ગોઇંગ ટુ ફ્લાય વેરી સુન કીપ ધીસ વિથ યુ.

આટલું કહીને એમણે એક ચાંદીનો સિક્કો ડોક્ટર દવેના હાથમાં મૂક્યો. એ ચલણી સિક્કો ન હતો. સિક્કાની એક તરફ લક્ષ્મીજીનું ચિત્ર હતું અને બીજી તરફ ગણેશજીનું. એ પછી થોડાક જ દિવસોમાં ડોક્ટર દવે વિમાનમાં બેસીને ઉડી ગયા. આજે અમેરિકાના વર્જિનિયા સ્ટેટના રિચમંડ સિટીમાં માની ન શકાય એવા વૈભવી માહોલમાં એ જીવે છે અને વિચારે છે.

પેલો અસારવાનો ગરીબ સાધુ પણ સાચો પડયો અને પૂજ્ય શંકરાચાર્યજી પણ ! ખરેખર આ શું હશે ?

---

વૈશાખ મહિનાનો બળબળતો બપોર, સીમમાં ઉડતી લૂ અને આકાશમાંથી વરસતી ગરમી વચ્ચે એક શ્રદ્ધાળુ હાથમાં થેલી લઈને ધીરે ધીરે દેવાલયના પગથિયાં ચઢી રહ્યો હતો.

વર્ષોથી નિયમ હતો કે સીઝનનું પહેલું ફળ તો ઠાકોરજીને જ ધરાવવું, એટલે આજે ઘરે પકવેલી કેરીઓ લઈને તે પ્રભુના દ્વારે આવી પહોંચ્યો હતો. જેને જોતા જ મોંમાં પાણી છૂટે એવી સુગંધથી ફાટ ફાટ થતી કેરીઓ એણે પ્રભુના ચરણોમાં અર્પણ કરી.

ભગવાનના દર્શન કરતા કરતા એ વ્યક્તિની આંખો ભીની થઈ ગઈ. શીશ નમાવતા આંખમાંથી આંસુનું એક ટીપું જમીન પર પડ્યું અને જાણે મૂર્તિમાંથી અવાજ આવ્યો, વત્સ, કેમ આંખમાં આંસુ આવ્યા ?

તેણે કહ્યું, પ્રભુ, આપ તો અંતરયામી છો. બધું જ જાણો છો તો પછી શા માટે પૂછો છો ? મારા જીવનમાં સમસ્યાઓનો કોઈ પાર નથી. એક પ્રશ્ન માંડ–માંડ ઉકેલું ત્યાં બીજો ઊભો થાય

છે. કેટલીક વખત તો એવા વિચાર પણ આવે છે કે હું તમારું કેવું ધ્યાન રાખું છું તો પછી તમે મારું ધ્યાન કેમ નથી રાખતા ?

આ બળબળતા ઉનાળામાં ટાઢક થાય તે માટે હું તમારા માટે કેરીઓ લઈ આવ્યો, પણ તમને મારા માટે કંઈક કરવાનો વિચાર કેમ નહીં આવતો હોય?

ભગવાને પૂછ્યું, આ કેરીઓ તું તારા ઘરે લાવ્યો ત્યારે કાચી હતી કે પાકી હતી ?

તેણે જવાબ આપ્યો, માર્કેટમાં પાકી કેરીઓ મળતી હતી પણ એ તો કાર્બેટથી પકાવેલી હોય એટલે હું તો કાચી કેરીઓ જ ઘરે લાવ્યો અને ઘરે જ એને પકવી છે.

ભગવાને પૂછ્યું, તેં ઘરે કેરીને કેવી રીતે પકવી ?

તેણે કહ્યું, પ્રભુ, કાચી કેરીને એક કોથળા પર ગોઠવીને એના ઉપર બીજા કોથળાઓ ઢાંકી દીધા અને હવા ન જાય એવી રીતે બધું પેક કરી દીધું.

ભગવાને કહ્યું, આવું કરવાથી તો કેરીને બિચારીને કેવી તકલીફ પડે. કેટલા દિવસ સુધી ગરમી સહન કરવી પડે ત્યારે પાકે, આના કરતા કાર્બેટ મૂકીને ફટાફટ પકવી દીધી હોત તો ?

તેણે તરત જ કહ્યું, અરે પ્રભુ, કેરીને થોડો સમય ગરમી આપીને પકાવીએ તો એ કેરી ખુબ મીઠી થાય, એનો સ્વાદ સાવ જુદો જ હોય. ભલે તકલીફ પડે પણ એની મીઠાશ અને મૂલ્ય ખુબ વધી જાય છે.

ત્યારે ભગવાને હસીને સમજાવ્યું, બેટા, મારે પણ તારી મીઠાશ અને તારા મૂલ્યમાં વધારો કરવો છે. તને વધુ મજબૂત બનાવવો છે અને એટલે હું તને જુદી જુદી સમસ્યાઓ આપ્યા કરું છું. આ સમસ્યાઓ તારા વિનાશ માટે નહીં પણ વિકાસ માટે છે.

જીવનમાં આવતી સમસ્યાઓ પ્રભુ આપણને દુ:ખી કરવા માટે નહીં પણ પકવવા માટે આપે છે.

---

## ધબકારો – પ્રપોગેન્ડા !

એ કબુલ કે સારો વિષય, કથા–પટકથા, એક્ટીંગ, ઈમોશન બધુ જ સરસ, પણ ગુજરાતી ફિલ્મ "ધબકારો" ની પબ્લિસિટી માટે જ્યારે આમિરખાન મેદાનમાં ઉતર્યો, તેને જોઈને શંકા તો થઈ જ હતી, પણ ફિલ્મ જોયા પછી પુરી ખાતરી થઈ ગઈ કે, હિંદુઓને મુર્ખ બનાવવા ના પડે તેઓ ઓલ રેડી !

ફિલ્મમાં મુસ્લિમ પાત્ર ગફુરભાઈ મોટા દિલ ના માણસ ? વળી મસ્જિદમાંથી હાકલ થાય, તો રાતો રાત અનેક કારીગરો ભેગા થઈ ને ફાટેલી ચાદર ને બદલે નવી ચાદર બનાવી નાખે ચમત્કાર અને આપણા ભોળા ભટ્ટ ડાયાભાઈ ચાદર ચડાવે તેવુ દ્રશ્ય (આટલા વર્ષોમાં ક્યારેય કોઈ મુસ્લિમ પાત્રને મંદિરમાં આરતી કરતા જોયુ છે ?) આ આખા પ્લોટની ફિલ્મમાં જરૂરિયાત હતી ખરી ? ગફુરભાઈને બદલે ગિરધરભાઈ પણ બતાવી શકાયા હોત !

એક જૈન વાણીયાના ઘરમાં પ્રવેશતા પહેલા ડાયાભાઈના માણસો આખા ઘરમાં સ્પ્રે કરે, જેથી શેઠને વાસ ના આવે, જૈનો આવા ગંદા–ગોબરા છે. પાછા એ જૈન ભાઈ રુપીયાની લાલચમાં દલીત યુવાન સાથે પોતાની દિકરીને પરણાવવા તરત તૈયાર પણ થઈ જાય !

આપણા જૈનોની દિકરીઓ માટે શુ સંદેશો આપે છે ? આપણને કેવા ચિતર્યા છે ? અને આપણે તેમની ફિલ્મને હિટ કરવા માટે લાઈન લગાવીએ છીએ ?

હાલ માં જ "લેન્સ કાર્ટ" નો દાખલો તાજો જ છે. તેના ફાઈનાન્સરો ઈસ્લામી છે, એટલે કઈ હદે હિંદુઓને જ હિંદુઓ સામે વામણા બનાવી રહ્યા છે, તે જુઓ.

સિનેમાં શુ ફક્ત મનોરંજનનુ જ સાધન છે ? ના બોલીવુડ (ઉર્દુવુડ) માટે તો તેમનો એજન્ડા ફેલાવવા માટેનુ એક શસક્ત માધ્યમ છે. "ધબકારો" ફિલ્મના પ્રોડ્યુસર સાજીદ નડીયાદવાલા (ઉર્દુવુડ) છે, એ લોકો સિનેમાં જેવા માધ્યમોનો પણ હિંદુઓ વિરૂદ્ધના પ્રોપેગેન્ડા ફેલાવવા સફળતાપુર્વક ઉપયોગ કરે છે, અને આપણે ? થોડાક રુપીયામાં આપણા લેખક, કલાકારો, ડાયરેક્ટરો, કેમ વેચાઈ જાય છે ? અને એટલે જ સૌથી વધુ ધર્માંતરણ હિંદુઓનુ જ થાય છે !

કદાચ આવુ સત્ય ઉજાગર કરનારાને વખોડીને આપણે આપણી જ ઘોર ખોદી રહ્યા છીએ, તેમ નથી લાગતુ ? અરીસામાં જોઈને જાતને સુધારવાની હોય, અરીસા ને નહી !

આજે ફિલ્મોના માધ્યમથી એ લોકો બહુ જ સફળતાપુર્વક "લવ-જીહાદ" ચલાવી રહ્યા છે, કારણ કે આપણે જ આપણી દિકરીઓ ને આવી ફિલ્મો હોશે-હોશે બતાવીએ છીએ !

સબ કો સન્મતિ દે ભગવાન !

---

## ડોક્ટર ની ડાયરી: ડૉ. શરદ ઠાકર

‘એમાં મૂંઝાઈ શું ગયા છો ?

સાહેબને મારું નામ આપજો નેપતમારું કામ થઈ જાશે.’

આમ બોલીને એ તો શાંત થઈ ગયો, પણ મારા મગજમાં ક્રોધનો ઊકરાટો આવી ગયો. સવજીના ડાચા પર અવળા હાથની બે અડબોથ ઝીંકી દેવાનું મન થઈ આવ્યું. આવા લોકોને મૂંગાં મરતાં શું જોર આવતું હશે ? ક્યાં સવજી ને ક્યાં પારેખ સાહેબ ? ગાંગો તેલી અને રાજા ભોજની કહેવત આ બે જણ માટે સરજાઈ હશે. મેં ફરી એકવાર સવજીને ધારી ધારીને નીરખી લીધો. બેઠી દડીનો બાંધો, ચામડી ગોરી પણ એ તો બાપકમાઈની ગણાય, આપકમાઈમાં સવજીએ બની શકે એટલો પ્રયત્ન કરીને એને ગંદીગોબરી કરી દીધેલી, પાન ખાવાથી ખરડાઈ ગયેલા દાંત જાણે મોમાં લાલ સોપારીના નાના નાના ટુકડા રોપી દીધા હોય એવા લાગે, તેલની શોધ માથાના વાળ માટે થઈ છે એ વાતની સવજીને આજ સુધી માહિતી જ નહીં હોય કદાચ, પણ વાળની લટો જોઈને લાગે કે કાંસકાની શોધથી પણ અજાણ જ હશે; ઠીક કહેવાય એવા કપડાં અને ચૂંચી આંખો ! હું એની આંખોમાંથી નીતરતા આત્મવિશ્વાસને નીરખી રહ્યો :

‘તમને સો ટકા ખાતરી છે કે હું તમારું નામ દઈશ તો પારેખ સાહેબ.’

‘અરે તમને વિશ્વાસ નથી પડતો ?’

સવજીએ લાલ દાંતનું પ્રદર્શન કર્યું :

‘નામ દેવાનું ક્યાં માંડો છો ? લાત મારીને વાત કરજોનેપ. કામ ન થાય તો મને આવીને વાત કરજો.’

એણે ચાનો છેલ્લો ઘૂંટડો ભરીને કપ હોટલવાળાને પાછો આપ્યો :

'લો સાહેબ ! હું રજા લઉં ત્યારે ! મારે ઘરાક શોધવા પડશે ને ? ગાડી ડીઝલ માગે છે ને મારું પેટ રોટલા !'

મેં મારી સાથે બેઠેલા મિત્રને પૂછ્યું : 'શું લાગે છે તને ? આ સવજીડો પારેખ સાહેબના હાથનો માર તો નહીં ખવડાવેને મને? નામ આપું એનું કે નહીં ?'

મિત્ર સલાહ આપવામાં કાર્લ માર્ક્સ બની ગયો :

'નામ આપવામાં તારું શું જાય છે ? કાં તો તારું કામ થઈ જાય છે અને કાં ત્રણ મહિનાની સખત મજૂરીની સજાપ ! તારે તારી મહેનત સિવાય બીજું કશું જ ગુમાવવાનું નથી !

મેં પણ નક્કી કરી લીધું કે નામ તો એક વાર આપવું જ; પણ સવજીની જોડાજોડ ફરીથી પારેખ સાહેબનો ચહેરો મૂકી જોયો તો વિચાર પાછો ઢીલો પડી ગયો. પારેખ સાહેબ એક જનરલ મ્યુનિસિપલ હોસ્પિટલના સર્જન હતા. ચહેરો ગૌરવર્ણો, આંખો તેજસ્વી, કપાળ ઝગારા મારે ! આપણને એમ જ લાગે કે રાજા ઈન્દ્ર સીધા ઈન્દ્રાસન પરથી ઊઠીને આપણી સામે આવ્યા હશે. મુગટ અને વાઘા ઉતારીને આ સફેદ ડગલો ધારણ કરી લીધો હશે. મારી તબીબી તાલીમની એક ટર્મ એટલે કે ત્રણ મહિનાની મુદત મારે એમના હાથ નીચે કાઢવાની હતી. એક નાનકડા શહેરની મ્યુનિસિપલ હોસ્પિટલમાં એ સર્જન તરીકે નોકરી કરતા હતા. મારો વિચાર ત્યાં જવાનો ઓછો હતો. જે હોસ્પિટલમાં મેં પહેલી ટર્મ પૂરી કરી, ત્યાં જ હું કામ કરવાનું ચાલુ રાખું અને પારેખ સાહેબ ત્રણ મહિનાને અંતે લખી આપે કે મેં એમના હાથ નીચે કામ કર્યું છે તો બેડો પાર થઈ જાય ! આમાં અસત્યનો અંશ તો, અલબત્ત હતો જ; પણ આ કોઈ સુખરામ શર્મા જેવું ભયંકર કૌભાંડ નહોતું બની જતું ! સ્થળ ગમે તે હોય, મેં દરદીઓને સારવાર આપવાનું કામ તો કર્યું જ ગણાય ને ? બહુ બહુ તો આને હવાલા કૌભાંડ ગણી શકો. અને આવી આંતરિક ગોઠવણ ઈન્ટર્નશીપ કરનાર મોટાભાગના ડૉક્ટરો કરતા જ રહેતા હોય છે.

મને આમાં ઘણી અનુકૂળતા હતી. એક તો દૂરના સ્થળે જવાનું બચી જતું હતું. ત્યાં ક્વાર્ટર્સમાં રહેવાનું, લોજનું જમવાનું અને મિત્રોથી વિખૂટા પડવાનું એ બધું જ મટી જતું હતું. પહેલે દિવસે ત્યાં હાજર થઈને મેં ડૉ. પારેખ સાહેબને વિનંતીભર્યા સ્વરમાં આખી વાત સમજાવી પણ જોઈ; પણ એમણે ચોખ્ખી ના પાડી દીધી : 'એ બધું આખા ભારતમાં ચાલતું હશે પણ મારી પાસે નહીં ચાલે ! ત્રણ મહિના માટે તારે માણસ મટીને ગધેડો બની જવું પડશે; મારા હાથ નીચે ગદ્ધાવૈતરું કરવું પડશે. અહીં જેટલું શીખશો એ જ પછી જિંદગી આખી કામ આવવાનું છે. ત્યાં મિત્રો જોડે રખડપટ્ટી કરી ખાશો એ'

'પણ સાહેબ,હું ત્યાં રખડપટ્ટી નથી કરવા માગતો ! ત્યાં તો અહીંના કરતાં યે મોટું દવાખાનું છે. ત્યાંના સિવિલ સર્જન મારા કામથી ખુશ પણ છે. માત્ર તમે એકવાર મંજૂરી આપો તો.'

પણ એ ટસના મસ ન થયા. ઊલટાના મારા પર વધુ કડક થયા. મારી પ્રત્યેક હિલચાલ પર બારીક નજર રાખવા લાગ્યા. હું કેટલા વાગ્યે ઓ.પી.ડી.માં પહોંચું છું, કેટલા દરદીઓને તપાસું છું, કેટલી 'ઈમરજન્સીઝ' એટેન્ડ કરું છું એનો સી.બી.આઈ.ના વડાની જેમ હિસાબ મેળવતા હતા.

રવિવારે માંડ હું છૂટ્યો. પાછો મારા મૂળ સ્થળે એક દિવસ માટે આવ્યો. મિત્રો મારી આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. અમે બહાર રેસ્ટોરન્ટમાં ચા પીવા ગયા. સવજી ત્યાં જ મને ભેટી ગયો. એ ટેક્ષી ડ્રાઈવર હતો. બાજુના ટેબલ પર એ રોજ ચા પીવા આવતો. આંખની ઓળખાણ પણ થયેલી; એક–બે વાર એને સારવાર પણ લખી આપેલી. એ બેઠો બેઠો મારો 'પારેખકાંડ' સાંભળતો હશે, તે એકદમ એણે વાતમાં ઝુકાવ્યું :

મારું નામ આપજો તમારું કામ.

સવજીનું નામ ભલામણચિઠ્ઠી તરીકે વાપરવું કે નહીં એની ગડમથલમાં જ મેં રાત વિતાવી. બીજે દિવસે (સોમવારે) ફરીથી હું મારી ફરજ પર જવા નીકળ્યો. બસમાં આમ પણ બે કલાક તો થતા જ હતા, એમાં પાછી રસ્તામાં બસ બગડી. એકાદ કલાક જેટલું મોડું થઈ ગયું. હું પહોંચ્યો ત્યારે ઓ.પી.ડી. ચાલુ થઈ ગઈ હતી. પારેખસાહેબે મારી સામે જોયું, પછી પોતાની ગોલ્ડપ્લેટેડ કાંડા ઘડિયાળમાં જોયું. મેં એમને 'વીશ' કર્યું :

'ગુડ મોર્નિંગ સર.'

એમણે દાંતિયું કર્યું : 'એવરી મોર્નિંગ ઈઝ ગુડ ફોર મી ! પણ આમ કહીને તમે આજના દિવસનું સ્ટાઈપેન્ડ બચાવી નહીં શકો ! કેમ મોડા પડ્યા છો, ડોક્ટર સાહેબ ?'

હું એમના અવાજમાં રહેલો કટાક્ષ પારખી ગયો. શરૂઆત એમણે માનવાચક સંબોધનથી કરી હતી.

'સર, બસ ખોટકાઈ હતી.'

'તો દોડતાં આવી જવું હતું !'

'તો આજને બદલે આવતી કાલે પહોંચત !'

'તો પણ શો ફરક પડવાનો હતો..? એક કલાક મોડા પડો કે આખો દિવસ. પગાર તો પૂરો જ કપાવાનો છે !'

પારેખ સાહેબ મક્કમ હતા.

મને બહાનું સૂઝી આવ્યું. પારેખ સાહેબે શનિવારે હું ગયો ત્યારે એક કામ સોંપ્યું હતું. એમણે શહેરમાં કપડાં સીવવા માટે આપ્યા હતા અને મારે એ દરજી પાસે જઈને મારી સાથે લેતાં આવવાના હતા. પારેખસાહેબને મારે યાદ અપાવવું જોઈએ કે મેં એમનું કામ કરી આપ્યું હતું. આ એ માટેનો યોગ્ય સમય હતો :

'સાહેબ, હું તમારા કપડાં લેતો.'

'એ ન લાવ્યા હોત, તો હું ઉઘાડો નહોતો ફરવાનો ! કામ મારું પોતાનું હોય તોપણ એ માત્ર કામ જ છે. એને લાંચ આપવાનું નિમિત્ત ન બનાવશો. તમે કપડાં લાવ્યા એ બદલ તમારો આભાર, પણ હવે તમે જઈ શકો છો. આજે આમ પણ હું તમારી હાજરી ગણવાનો નથી.'

હું વિષાદગ્રસ્ત ચહેરે ઊભો હતો.

આ માણસના વર્તનને તુમાખી ગણવી કે સિદ્ધાંત પ્રિયતા ? અને આવી જડ સિદ્ધાંતનિષ્ઠાથી એ શું હાંસલ કરવા માગતા હશે ? મેં એમની સામે જોયું, મારાથી વયમાં ખાસ મોટા પણ લાગતા નહોતા. માંડ પાંચેક વરસનો ફરક હશે. હું ત્રેવીસનો તો એ બહુ બહુ તો અઠ્ઠાવીસેકના;

પણ આટલી બધી જડતા ? બીજા કોઈની ભલામણની તો વાત જ ક્યાં કરવી, જ્યાં માણસ એના પોતાના કામના સંદર્ભને પણ ન સ્વીકારતો હોય ? આની પાસે એના મિત્રની તો શું, પણ ખુદ એના બાપનીપ અરે ભગવાનની ભલામણચિઠ્ઠી પણ ન ચાલે !'

અચાનક હું થંભ્યો. મનમાં સવજી ઝબકી ગયો. મારા વિચાર પર મને જ હસવું આવી ગયું પણ પગ પાછો પડતો હતો. મેં સીધી રીતે તો નહીં, પણ અવળી રીતે વાત મૂકી :

'સાહેબ, સવજી તમને યાદ કરતો હતો.'

વીજળીનો કરંટ ક્યારેક કોઈને લાગતો જોયો છે..? મેં પહેલીવાર જોયો :

'કોણ સવજી ?'

'સવજી ગોરધન.' 'નાથા પૂંજાની ખડકીવાળો ? સવજી ચૂંચો ?'

પારેખ સાહેબનો જીવ એમની જીભ પર આવી ગયો હોય એમ લાગતું હતું.

'હા, એ જ સવજી !'

મારામાં હવે હિંમત આવી :

'એણે કહ્યું છે કે પારેખનેપ સોરી, પારેખસાહેબને મારું નામ !'

'નામ નહીં, ભાઈ, મારા મિત્ર ! નામ નહીં.'

પારેખ સાહેબ ખુરશીમાંથી ઊભા થઈ ગયા :

'એનું નામ લીધા પછી લાત મારીને વાત કરપ જો હું કામ ન કરું તો મને ફટ કહેજે'

એમણે મને પાછો ખુરશીમાં બેસવાનો ઈશારો કર્યો. ઘંટડી મારીને વોર્ડ–બોયને સૂચના આપી કે થોડીવાર દર્દીઓને આવવા ન દે ! બારણું જરા આડું કરાવ્યું, પછી ચહેરા પરનો તમામ કડપ પાણીના રેલાની જેમ ઉતારીને પૂછવા લાગ્યા :

'ક્યાં મળ્યો સવજી તને ? કેવો લાગે છે ? કંઈ સુધર્યો કે પછી એવો ને એવો જ લઘરવઘર છે હજી ? પાન ખાય છે હજી ? દાંત ખરાબ તો નથી થઈ ગયા ને ?'

સવાલોની શ્રેણીબદ્ધ શૃંખલા ચાલુ થઈ. હું ક્યા સવાલનો જવાબ પહેલાં આપું ?

હું તપેલીમાંથી ઊભરાતા દૂધના રેલાની જેમ એમના હૈયાને ઊભરાતું સાંભળી રહ્યો :

'દોસ્ત, તને શું કહું ? આ સવજી કોઈ માણસ નથી, ભગવાનનો અવતાર છે. જેમ વામનાવતાર હોય, નૃસિંહાવતાર હોય છે, એમ આ સવજી અવતાર ! હું તો નાનો હતો ત્યાં જ મા–બાપને ગુમાવી બેઠેલો. મારા કાકાને ઘેર રહીને હું ઊછર્યો, પણ કાકા–કાકી કપટના પર્યાય જેવા હતા. એમને મન હું ભત્રીજો નહીં, પણ નોકર હતો. દિ' આખો વૈતરું કરાવે અને ખાવામાં વધ્યું ઘટ્યું આપે !

રાત્રે તો લગભગ ભૂખ્યા સૂવું પડે. પડોશમાં વશરામકાકા ટાંગાવાળા રહેતા, એમનો સવજી મારો દોસ્ત ! મારી સાથે એક જ વર્ગમાં ભણે, ભણવામાં બહુ રસ નહીં ! પણ આનંદી જીવ, મને ખૂબ ચાહે ! એના ઘરેથી બાજરીનો રોટલો લઈને આવ્યો હોય એ રીસેસમાં મને આપી દે; ઝાડ નીચે બેસીને હું મારી ભૂખ સંતોષું ! હું ખાઉં અને એને ઓડકાર આવે. બે રોટલા લાવવા જેવી તો એની પણ આર્થિક સ્થિતિ નહીં. હું એને આગ્રહ કરું તો મને કહે : 'અત્યારે તું ખાઈ લે, રાત્રે હું ખાઈશ. આપણે બંને એક એક ટંક ભૂખ્યા રહીશું.' છેક સુધી અમે સાથે ભણ્યા.

કોલેજમાં મારા સારા માર્ક્સ આવ્યા. એ વખતે મેડિકલ લાઈન માટે આટલી જબરી હરીફાઈ નહોતી. મને મેરિટ પર એડમિશન મળતું હતું. પણ કાકા ખર્ચ આપવા માટે તૈયાર નહોતા. વશરામકાકાની જ્ઞાતિના હિસાબે સવજીને અનામત બેઠક પર પ્રવેશ મળે તેમ હતો. સવજી પચાસ ટકે પાસ થયો હતો, પણ ખુશ હતો : 'આપણે બેય અડધો ટંક ભૂખ્યા રહેવાવાળા હવે ડૉક્ટર બનાવાના.' એણે મોજમાં આવીને પાંચ પૈસાવાળું પાન ખાધું. મને પણ આગ્રહ કર્યો. મેં ના પાડી : 'પાન ન ખવાય દાંત ખરાબ થઈ જાય.' તો એ લાલ દાંત બતાવીને હસવા લાગ્યો : 'તું તો અત્યારથી જ ડૉક્ટર બની ગયો હોય એવી રીતે વાતું કરે છે.' મેં કહ્યું : 'ડોક્ટર તો તું બનવાનો..! મારા નસીબમાં એવું સદભાગ્ય ક્યાંથી..?

ભલે ટાંગાવાળો તો ટાંગાવાળો, પણ તારે બાપ છે; મારી જેમ કાકો નથી કે' એ સમજી ગયો. કશું બોલ્યો નહીં, પણે એ સાંજે વશરામ કાકાએ મને એમના ઘરે બોલાવ્યો; ફાનસના પીળા પ્રકાશમાં એમણે મારા હાથમાં ત્રણસો રૂપિયા રોકડા ગણી દીધા : 'લે, આ સવજીડા માટે હાચવી રાખ્યા'તા, પણ તું એના કરતાં હારો ડાગતર થવાનો ! અને આમેય તે મારે ક્યાં એક સવજી છે, તું ય તે મારોપ' રાતના એ સન્નાટામાં સંવાદો આથમી ગયા હતા. ઘરની પાછળના વાડામાં ઊભેલો એમનો ઘોડો પણ જાણે સ્તબ્ધ હોય એમ ઊભો હતો.

હું અચકાતો હતો એ જોઈને સવજી હસ્યો : 'એમાં વિચાર શું કરે છે ? મારી દયા આવે છે ને ? પણ હું યે તારો ભાઈબંધ છું. જિંદગી આખી આ ઘોડાગાડીમાં નહીં કાઢું, સમજ્યો ? હું ટેક્ષી ફેરવીશપ તું ડોક્ટર થઈને ગાડી લાવે, એ પહેલાં આ બંદા લાવશે.'

પારેખ સાહેબે પળવાર અટકીને એ રાતની ક્ષણોને ફરી એકવાર જીવતી કરી દીધી. પછી અનુસંધાન મેળવ્યું :

'પછીની વાતને ટૂંકમાં પતાવું. મારી પાંચે પાંચ વર્ષની ખરચી એમણે આપી. હું એમ.એસ.નું ભણતો હતો, ત્યારે વશરામકાકાની આંખ મીંચાણી. પણ હવે મારે કોઈ આર્થિક સંકટ નહોતું. મને ખર્ચ પૂરતું સ્ટાઈપેન્ડ મળતું હતું. હું સર્જન થઈને બહાર પડ્યો ત્યારે ખબર પડી કે સવજી તો ટૂંકમાં પતાવું.

મારી પાંચે પાંચ વર્ષની ખરચી એમણે આપી. હું એમ.એસ.નું ભણતો હતો, ત્યારે વશરામકાકાની આંખ મીંચાણી. પણ હવે મારે કોઈ આર્થિક સંકટ નહોતું. મને ખર્ચ પૂરતું સ્ટાઈપેન્ડ મળતું હતું. હું સર્જન થઈને બહાર પડ્યો ત્યારે ખબર પડી કે સવજી તો મુંબઈ ચાલ્યો ગયો છે. કાગળપત્રનો વહેવાર પણ છેલ્લાં કેટલાક સમયથી બંધ હતો. છેલ્લે સાંભળ્યું હતું કે સવજી એક્ટર રાજેન્દ્રકુમારની ગાડીનો શોફર બની ગયો હતો. પછી કદાચ એની જ આર્થિક સહાયથી એણે પોતાની ટેક્સી લીધી હશે ને હવે એપ'

'હા, હવે એ ફરી પાછો નાથા પૂંજાની ખડકીમાં રહેવા આવી ગયો છે. તમારી જેમ જ ગાડીમાં ફરે છે, હજી એ પાન ખાય છે, હોટલમાં ચા પીએ છે, બિમાર પડે તો અમારા જેવા ડોક્ટરો પાસે ઊભાઊભ ચિઠ્ઠી લખાવી જાય છે અને બદલામાં ક્યારેક કહી પણ દે છે કે જરૂર પડે તો તમારા પારેખસાહેબને મારું નામ આપજોપ તમારું કામ થઈ જશે. પણ મને એક વાત ન સમજાણી ! પારેખ સાહેબ, એણે તમને પત્ર શા માટે ન લખ્યો ? તમારો સંપર્ક સાધવાની કોશિશ એણે હજી સુધી કેમ નથી કરી ?'

મેં પૂછ્યું...

'એણે કરવાનું હતું એ પૂરું કરી દીધું. હવે જિંદગીભર જે કંઈ કરવાનું છે એ મારે કરવાનું છે. જે લોકો જિંદગીનું સૌથી મોટું બલિદાન આપે છે, એ ભવિષ્યમાં સંપર્ક સાધીને એની યાદ નથી અપાવતા ! જા, દોસ્ત ! કાલથી તું છુટ્ટો ! તારી ત્રણેય મહિનાની હાજરી પુરાઈ જશે. અને સવજીને કે'જે કે રવિવારે પારેખ એને મળવા આવે છે, એ તૈયાર રહે.'

પુરાણા મિત્રને જિંદગીમાં ક્યારેય ન ભૂલવાનો અમૂલ્ય બોધપાઠ કોઈ તબીબી પાઠ્યપુસ્તકોમાં લખ્યો નથી હોતો. મારા તાલીમી જીવનનો આ પણ એક અધ્યાય હતો. મેં ડૉ. પારેખસાહેબે આપેલી છૂટનો ફાયદો ઉઠાવવાને બદલે ત્રણે-ત્રણ મહિના એમના જ હાથ નીચે કામ કર્યું અને આ સમય દરમ્યાન અવાર-નવાર લાલ દાંતવાળા અને ચૂંચી આંખોવાળા સવજીને અને આકાશમાંથી ઊતરેલા ઈન્દ્ર જેવા પારેખસાહેબને એકબીજાને ગળે વળગતા જોયા.

## પ્રેરણાદાયી સહજતા

એક દિવસ પત્નીએ સહજતાથી કહ્યું,

"સાંભળો, હું થોડીવાર માટે મારી ફ્રેન્ડ સાથે બહાર જાઉં છું."

પતિ, જે ફોન જોઈ રહ્યા હતા, તેમણે ફક્ત નજર ઉંચી કરીને કહ્યું,

"ઠીક છે. મજા કરજે."

પત્નીને થોડી નવાઈ લાગી. સામાન્ય રીતે તે પૂછતા- શું જરૂર છે? અત્યારે જવું જ પડશે? મોડું ના કરતી. પણ તે દિવસે કંઈ નહીં. કોઈ નિસાસો નહીં, કોઈ પ્રશ્ન નહીં બસ એક શાંત, "ઠીક છે."

થોડા કલાકો પછી, તેમનો યુવાન દીકરો આવ્યો. તેના હાથમાં એક કાગળ હતો અને ચહેરો ફિક્કો પડી ગયો હતો.

પપ્પા, તેણે ધીમેથી કહ્યું, "મારી પરીક્ષાનું પરિણામ આવ્યું છે અને તે ખૂબ જ ખરાબ છે.

તે થંભી ગયો, તેને લાગ્યું કે હંમેશની જેમ પપ્પા ખીજાશે. તેના પિતા હંમેશા તેના ભણતરની ચિંતા કરતા, એટલે તે સમય બગાડવા બદલ લેક્ચર સાંભળવા તૈયાર હતો.

પણ તેના બદલે, પિતાએ શાંતિથી કહ્યું, "ઠીક છે."

દીકરાએ આશ્ચર્યથી પૂછ્યું, "બસ... ઠીક છે?"

"હા," તેમણે પ્રેમથી કહ્યું.

"જો તું વધુ ભણીશ, તો આવતી વખતે સારું પરિણામ આવશે. જો નહીં ભણે, તો કદાચ તારે સેમેસ્ટર ફરીથી કરવું પડશે. પસંદગી તારી છે. હું બંને પરિસ્થિતિમાં તારી સાથે છું."

છોકરો સ્તબ્ધ થઈ ગયો. તેના પિતા આટલા શાંત ક્યારથી થઈ ગયા?

બીજા દિવસે બપોરે, તેમની દીકરી ગભરાતા ગભરાતા ઘરે આવી. તે હોલમાં અચકાઈ અને બોલી, "પપ્પા મારાથી ગાડી અથડાઈ ગઈ છે. બહુ મોટું નુકસાન નથી, પણ એક ગોબો પડ્યો છે."

પપ્પાએ બૂમબરડા ના કાર્યા કે ગુસ્સે ના થયા. તેમણે ફક્ત એટલું જ કહ્યું, "ઠીક છે. કાલે ગાડી રીપેર કરાવવા લઈ જજે."

દીકરીને ખુબ જ નવાઈ લાગી. "તમે... ગુસ્સે ના થયા ?"

પપ્પા ધીમેથી હસ્યા.

ના. ગુસ્સો કરવાથી ગાડી સરખી નહીં થઈ જાય. બસ આવતી વખતે ધ્યાન રાખજે.

હવે ઘરના કાર્ય કે ગુસ્સે ના થયા. તેમણે ફક્ત એટલું જ કહ્યું, "ઠીક છે. કાલે ગાડી રીપેર કરાવવા લઈ જજે."

દીકરીને ખુબ જ નવાઈ લાગી.

"તમે ગુસ્સે ના થયા ?"

પપ્પા ધીમેથી હસ્યા.

"ના ગુસ્સો કરવાથી ગાડી સરખી નહીં થઈ જાય. બસ આવતી વખતે ધ્યાન રાખજે."

હવે ઘરના બધા ચિંતિત હતા. આ માણસ – એ જ પતિ, એ જ પિતા – હવે પહેલા જેવા રહ્યા નહોતા. તેઓ હંમેશા ટૂંકા મિજાજના, તણાવમાં રહેનારા અને તરત જ પ્રતિક્રિયા આપનારા હતા. હવે તેઓ શાંત અને સ્થિર દેખાતા હતા.

તેઓ અંદરોઅંદર વાતો કરવા લાગ્યા – શું કંઈ ખોટું થયું છે? શું તેમની તબિયત ખરાબ છે ? કંઈ થયું છે?

આખરે, તે સાંજે બધા ડીનર વખતે ભેગા થાય ત્યારે "સાંભળો," પત્નીએ કહ્યું,

"તમે છેલ્લા કેટલાક થોડા દિવસોથી ખૂબ બદલાઈ ગયા છો. ગમે તે થાય, તમે ગુસ્સે નથી થતા કે કોઈ રિએક્શન નથી આપતા.

બધું બરાબર તો છે ને ?"

તેમણે બધાના ચહેરા જોયા અને હસ્યા.

કંઈ ખોટું નથી થયું, તેમણે કહ્યું. બધું બરાબર છે. મને આ એક વાત સમજાઈ ગઈ છે.

બધા શાંત થઈ ગયા.

"ઘણા વર્ષો પછી," તેમણે કહ્યું, "મને સમજાયું કે દરેક વ્યક્તિ પોતાના જીવન માટે પોતે જવાબદાર છે."

પત્નીએ આશ્ચર્યથી પૂછ્યું. "તમારો કહેવાનો અર્થ શું છે ?"

તેમણે હાથ જોડીને કહ્યું, "પહેલા, હું દરેક વસ્તુની ચિંતા કરતો – જો તને મોડું થાય તો હું ચિંતા કરતો; જો બાળકોના માર્ક્સ ઓછા આવે તો મને પસ્તાવો થતો; જો કંઈક તૂટી જાય તો મને ગુસ્સો આવતો; જો કોઈ પરેશાન હોય તો હું તેને સુધારવાનો પ્રયત્ન કરતો.

હું દરેકની સમસ્યાને મારી પોતાની ગણતો. પણ એક દિવસ મને સમજાયું.

મારી ચિંતા તમારી સમસ્યાઓ ઉકેલી શકતી નથી. તે ફક્ત મારી શાંતિ છીનવી લે છે."

દીકરી શાંતિથી સાંભળતી હતી.

તેમણે આગળ કહ્યું, મારો તણાવ તમને મદદ નથી કરતો, મારો સંઘર્ષ તમારા જીવનને સરળ નથી બનાવતો,તે ફક્ત મારું જીવન અઘરું બનાવે છે.હું તમને સલાહ,પ્રેમ અને સાથ આપી શકું છું પણ હું તમારા વતી તમારું જીવન જીવી શકતો નથી. તમારા નિર્ણયોના પરિણામો સારા હોય કે ખરાબ – તમારે અને મારે જ ભોગવવાના છે."

તેઓ એક ક્ષણ માટે રોકાયા અને ફરી હસ્યા.

તેથી મેં નક્કી કર્યું–જે મારા નિયંત્રણમાં નથી, તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ હું છોડી દઈશ.

દીકરાએ આગળ ઝૂકીને પૂછ્યું, "તો... હવે તમને અમારી ચિંતા નથી ?"

તેમણે જવાબ આપ્યો, "ચિંતા તો છે જ પણ પ્રેમ કરવો અને કાબૂ રાખવો એ બે અલગ વાત છે. હું તમને પ્રેમ કરી શકું છું, તમારી જરૂરિયાતો પૂરી કરી શકું છું, પણ મારી શાંતિને ખોઈને નહીં.

રૂમમાં શાંતિ છવાઈ ગઈ. ત્રણેય સામે વહાલથી જોતા તેમણે કહ્યું, મારું કામ તમને પ્રેમ આપવાનું, માર્ગદર્શન આપવાનું અને જરૂર પડે ત્યારે તમારી સાથે ઊભા રહેવાનું છે. પણ તમારું કામ તમારું જીવન સંભાળવાનું છે.નિર્ણય લેવાનું અને તેના પરિણામોનો સામનો કરવાનું છે. આ રીતે જ વ્યક્તિનો વિકાસ થાય છે."

તેમણે શાંતિથી ઉમેર્યું, "એટલે હવે, જ્યારે કંઈક ખોટું થાય છે, ત્યારે હું મારી જાતને યાદ અપાવું છું – આ મારે સુધારવાનું નથી. હું શાંત રહીશ અને વિશ્વાસ રાખીશ કે તમે તેમાંથી કંઈક શીખશો. કારણ કે જીવન આવું જ છે – તે પાઠ શીખવે છે."

થોડીવાર માટે ઘરમાં એકદમ શાંતિ હતી. પણ વાતાવરણમાં કંઈક બદલાયું હતું.

પત્નીએ તેમનો હાથ પકડ્યો અને કહ્યું, આજે, તમે અમને બધાને કંઈક નવું શીખવ્યું છે.

તેઓ હસ્યા. કદાચ. પણ મારે પણ આ પહેલા જાતે શીખવું પડ્યું.

તે રાત્રે, બધાએ તેમના શબ્દો પર ખૂબ વિચાર કર્યો ને દીકરો ફરી ભણવા બેઠો – પિતાના ડરથી નહીં, પણ તેને સમજાયું કે આ તેની પોતાની જવાબદારી છે.

દીકરીએ ગાડી રીપેરીંગ કરાવવાની જવાબદારી લીધી અને ઇન્શ્યોરન્સની પ્રક્રિયા સમજી પણ લીધી.

પત્નીએ ઘરની બીજી બાબતો વધુ સમજી, વિચારીને સંભાળવાનું શરૂ કર્યું – કોઈના દબાણથી નહીં, પણ પોતાની ઈચ્છાથી જ અને ધીમે ધીમે, ઘર હળવું ફૂલ જેવું લાગવા માંડ્યું.

હવે કોઈ ડરથી કામ કરતું નહોતું, પણ સમજણથી કરતું હતું.

કારણ કે, જ્યારે ઘરમાં કોઈ એક વ્યક્તિ પણ શાંતિ પસંદ કરે છે, ત્યારે તેની અસર બધા પર થવા લાગે છે.

જ્યારે એક વ્યક્તિ બીજા પર કાબૂ રાખવાનું છોડી દે છે, ત્યારે બીજા પોતાની જાત પર કાબૂ રાખતા શીખે છે.

અને આ રીતે—શાંતિ ફેલાય છે, પ્રેમની

ખાસ વિનંતી :– આ સમસ્યા દરેક પરિવારની છે. આપણી વધુ પડતી ચિંતા પરિવારને વધુ અસમંજસમા રાખે છે, ત્યારે હવે જીવો આવતા જન્મને સુખરૂપ બનાવવા, છોડી દો બધાની ચિંતા.

# Heart Touching Story

છેલ્લી પેન

મદુરાઈ, મીનાક્ષી મંદિરનું પ્રવેશદ્વાર.

વ્યક્તિ : પેરિયાસામી.

ઉંમર ૬૦ વર્ષ. દરરોજ સવારે ૬ વાગ્યે તે મંદિરના પ્રવેશદ્વાર પર બેસતા. તેમની સામે એક નાનકડું કપડું પાથરેલું હોય, જેના પર પેન, પેન્સિલ, રબર અને કંપાસ બોક્સ જેવી વસ્તુઓ ગોઠવેલી હોય. એક ફૂટપાથ પરની દુકાન. પણ ખાસ કોઈ ધંધો નહીં.

પેરિયાસામીનો એક નિયમ હતો. જ્યારે પણ કોઈ બાળક પેન માંગવા આવે, ત્યારે તે પહેલા પૂછતા :

"બેટા... શું પરીક્ષા આપવા જાય છે?"

"હા દાદા. આજે ગણિતનું પેપર છે. હું પેન ભૂલી ગયો છું."

તરત જ પેરિયાસામી એક સારી પેન પસંદ કરીને તેને આપતા.

"આ લે. આ લકી પેન છે. જા, ૧૦૦ માંથી ૧૦૦ માર્ક લાવજે."

"કેટલા રૂપિયા થયા દાદા?"

"પૈસા પછી. પહેલા પરીક્ષા આપી આવ. પછી આવીને તારા માર્ક કહેજે, ત્યારે પૈસા ચૂકવજે."

બાળકો હસીને દોડી જતા. તેઓ ક્યારેય પાછા ન આવતા, અને પેરિયાસામીએ ક્યારેય કોઈને પૂછ્યું પણ નહીં.

તેમની પત્ની થંગમ તેમને વઢતી :

"તમે શું ગાંડા થઈ ગયા છો? એક પેન દસ રૂપિયાની આવે. જો તમે આવી રીતે મફત આપશો, તો આપણે શું ખાઈશું? ઘરનું ભાડું કોણ ભરશે?"

પેરિયાસામી એક જૂની ડાયરી કાઢતા. તેમાં તેમણે તારીખ પ્રમાણે નોંધ લખી હતી :

"૧૨.૦૩.૨૦૧૦ – રમેશ – ગણિતની પરીક્ષા – પેન – બાકી"

"૦૫.૦૬.૨૦૧૧ – સુમતી – હિન્દીની પરીક્ષા – પેન – બાકી"

"૧૮.૦૯.૨013 – મુરુગન – ૧૦માંની બોર્ડ પરીક્ષા – પેન – બાકી"

આખી ડાયરી આવી 'બાકી' વિગતોથી ભરેલી હતી. ગણતરી કરી તો લગભગ ૩,૦૦૦ પેન. ત્રીસ હજાર રૂપિયા.

"જો થંગમ," તે કહેતા, "આ દેવું નથી, આ મારું 'રોકાણ' છે. એક દિવસ તે જરૂર પાછું આવશે."

થંગમ નિસાસો નાખતી: "તમારું આ રોકાણ ધૂળમાં મળી જશે. તમે હવે ઘરડા થયા છો, હવે કોણ પાછું આવવાનું છે?"

વીસ વર્ષ વીતી ગયા. પેરિયાસામી હવે ૮૦ વર્ષના થયા હતા. આંખે ઝાંખપ આવી ગઈ હતી અને સાંભળવાનું પણ ઓછું થઈ ગયું હતું. છતાં, આજે પણ તે જ મંદિરના દરવાજે, તે જ કપડું પાથરીને બેસતા. પણ હવે બાળકો જેલ પેન અને ઓનલાઇન વસ્તુઓ વાપરતા, એટલે તેમનો ધંધો સાવ ઠપ હતો.

એક સવારે, મંદિરના દરવાજે એક મોટી ગાડી આવીને ઊભી રહી. લગભગ ૩૫ વર્ષનો એક માણસ બહાર આવ્યો—સૂટ-બૂટમાં સજ્જ, હાથમાં ફૂલોનો ગુલદસ્તો.

તે સીધો પેરિયાસામી પાસે ગયો અને તેમના ચરણ સ્પર્શ કર્યા.

"દાદા મને ઓળખ્યો?"

પેરિયાસામીએ આંખો ઝીણી કરીને જોવાનો પ્રયત્ન કર્યો. "બેટા... હું હવે ઘરડો થયો છું. મને બરાબર દેખાતું નથી."

"દાદા ૧૮ વર્ષ પહેલાં ૧૦માંની બોર્ડની પરીક્ષા હતી. ગણિતનું પેપર. તે સવારે હું રડતો રડતો આવ્યો હતો. મારી પેન તૂટી ગઈ હતી અને મારી પાસે પૈસા નહોતા. તમે મને એક પેન આપી હતી અને કહ્યું હતું કે, 'આ લકી પેન છે, જા ૧૦૦ માર્ક લાવજે.' તમે પૈસા નહોતા લીધા."

પેરિયાસામીને ઝાંખી યાદ આવી. "બેટા તું."

"હું મુરુગન, દાદા. મેં એ પેનથી જ પરીક્ષા લખી અને ૯૮ માર્ક લાવ્યો. હું પાસ થયો, કોલેજ ગયો અને આજે મારી પોતાની સોફ્ટવેર કંપની છે – 'પેન્ના ટેક્નોલોજીસ'. મારી જિંદગી તમારી એ પેનથી શરૂ થઈ હતી."

થંગમ ઉંબરામાં ઊભી રહીને આ સાંભળતી હતી, તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા.

મુરુગને એક કવર કાઢ્યું. "દાદા તે દિવસે મારે તમને ૧૦ રૂપિયા આપવાના હતા. આજે હું વ્યાજ સાથે પાછા આપું છું."

અંદર દસ લાખ રૂપિયાનો ચેક હતો.

પેરિયાસામીના હાથ ધ્રૂજવા લાગ્યા. "બેટા મારે પૈસા નથી જોઈતા. તું સફળ થયો, એ જ ઘણું છે."

"ના દાદા. આ પૈસા નથી. આ તમારું રોકાણ છે – જે નફા સાથે પાછું આવ્યું છે. હવે તમારે આ ફૂટપાથ પર બેસવાની જરૂર નથી. હું તમારા બંનેની જવાબદારી લઉં છું."

બીજા દિવસે છાપામાં હેડલાઇન હતી: "સોફ્ટવેર ઉદ્યોગપતિએ ફૂટપાથ પર બેસતા દાદાને ૧૦ લાખની ગુરુદક્ષિણા આપી."

આ સમાચાર વાંચીને બીજા દિવસે બીજી ગાડી આવી. "દાદા, હું સુમતી. મેં તમારી પાસેથી હિન્દીની પરીક્ષા માટે પેન લીધી હતી. આજે હું હિન્દીની શિક્ષિકા છું."

પછી રમેશ આવ્યો. "દાદા, હું આજે ઓડિટર છું. મારી જિંદગીની પહેલી બેલેન્સ શીટ તમારી પેનથી લખાઈ હતી."

એક અઠવાડિયામાં તો મંદિરના દરવાજે જાણે લગ્નનો માહોલ જામ્યો. ડોક્ટરો, એન્જિનિયરો, કલેક્ટરો, પોલીસ ઓફિસર – બધા લાઇનમાં આવ્યા, પેરિયાસામીના પગે લાગ્યા અને ફૂલો, ફળો અને કવર ભેટમાં આપ્યા.

થંગમે જૂની ડાયરી કાઢી. ૩૦૦૦ નોંધ હતી, ૩૦,૦૦૦ રૂપિયા બાકી હતા. પણ આજે જે પાછું આવ્યું હતું તેની કિંમત ૩ કરોડથી પણ વધુ હતી.

પેરિયાસામી રડી પડ્યા અને બોલ્યા: "થંગમ મેં તને કહ્યું હતું ને. આ દેવું નહોતું. આ તો બીજ હતા. મેં એ વાવ્યા હતા અને આજે તે એક મોટું જંગલ બની ગયા છે."

આજે મીનાક્ષી મંદિરના પ્રવેશદ્વાર પર એક મોટી દુકાન છે: "પેરિયાસામી પેન સ્ટોર." જેનું કોઈ ભાડું નથી, કારણ કે મુરુગને તે દુકાન ખરીદી લીધી છે.

દુકાનમાં એક બોર્ડ મારેલું છે :

"અહીં પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓ માટે પેન મફત છે. ફક્ત પાછા આવીને તમારા માર્ક કહેજો. પૈસા પછી આપજો."

તેની નીચે એક નાની લાઈન લખેલી છે :

"દસ રૂપિયાની એક પેન જિંદગી બદલી શકે છે. વિશ્વાસ રાખજો."

અને તમને ખબર છે આજે એ દુકાન કોણ ચલાવે છે?

મુરુગન પેલી સોફ્ટવેર કંપનીનો માલિક. અઠવાડિયામાં બે વાર તે પોતાનો સૂટ ઉતારીને દુકાનમાં બેસે છે અને બાળકોને પેન આપે છે.

"બેટા આ લકી પેન છે. જા, ૧૦૦ માંથી ૧૦૦ માર્ક લાવજે."

તમે જે આપો છો તે માત્ર પેન નથી તે એક આશા છે. એક દિવસ એ આશા પાછી આવશે અને તમારા ચરણોમાં નમશે. તે દિવસે તમને સમજાશે કે તમે ક્યારેય ગરીબ નહોતા. તમે ખરેખર ખૂબ જ અમીર હતા. ??

## બેટા

તું અને વહુ થોડો વખત એકલા રહો હું અને તારી મૉં. એક મહિનો જાત્રા એ જઈયે છીયે.

જીંદગીમા કમાવાની હાય મા નતો ભગવાન સરખો ભજાયો કે ન તો તારી મૉં સાથે શાંતિ થી જીવી શક્યો.

ઘડપણ આંગણે આવી ગયું. ખબર પણ ના પડી અને મોત આંગણેથી અંદર ક્યારે આવી જશે. તે પણ મને ખબર નથી. માટે જે જીવન અમારૂ બાકી રહ્યું છે. તે હવે શાંતિથી જીવવવાની ઈચ્છા છે.

આ પપ્પા ના જાત્રા એ જતા પેહલા ના છેલ્લા શબ્દો હતા.

પપ્પા મમ્મી ને જાત્રા એ ગયે મહિનો થઈ ગયો. રોજ ફોન ઉપર વાત ચિત કરિયે. મહિનો પૂરો થયો. બીજો મહિનો પૂરો થવા આવ્યો.

મેં પપ્પા ને પૂછ્યું પપ્પા તમે છો ક્યા ? બે મહિના થઈ ગયા.

મને હવે શંકા લાગે છે.

તમને મારા સોગંન આપ સાચું બોલો ક્યાં છો ?

દિપેન આંખ મા પાણી સાથે બોલ્યો.

બેટા સાંભળ અમે કાશી મા, જ છીયે. અહીં ફરતા ફરતા વૃદ્ધા આશ્રમ દેખાયો. તેનું વાતવરણ રહેવાનું ખાવું પીવું સવાર–સાંજ ભગવાનના દર્શન. સતસંગ બધુ જ તારી મૉંને અને મને માફક આવી ગયું છે. તારી મૉંનો સ્વભાવ પણ એકદમ બદલાઈ ગયો છે.

બેટા મેં તને ઘરે થી નીકળતા પેહલા કીધું હતું. હવેની ઉંમર અમારી શાંતિ મેળવવાની છે. અશાંતી ઉભી કરવાની નથી.

તમે બન્ને શાંતિ થી જીવો અમારી ચિંતા ના કરતા પ્રભુએ પેંશન આપ્યું છે. તેમાં અમારા ખર્ચ નીકળી જાય છે. તમારી તબિયત નું ધ્યાન રાખજો.

પપ્પા મહેરબાની કરી ઘરે પાછા આવી જાવ.

ના બેટા હવે આપણી મંજીલ અલગ અલગ છે. તું તારી રીતે આનંદથી જીવ અમે અમારી રીતે બેટા તને ખબર છે. તારી માઁનો સ્વાભવ ચિડિયો થઈ ગયો હતો.

પોતે જે રીતે ચોખ્ખાઈ અને જીણવટથી જીવી તેવી અપેક્ષા તારી વહુ પાસે રાખે. તે શક્ય નથી હવે બદલતા સંજોગો મા બેટા. અને તે ને કારણે રોજ ઘરનું વાતવરણ તંગ અને અશાંત બની જાય તે હું ઈચ્છતો નહતો.

સવારે ઉઠીને એકબીજાના મોઢા જોવા ન ગમે ત્યારે સમજી લેવું જોઈએ કે ઘરનું પતન નક્કી છે.

અને હું તેવું ઈચ્છતો નહતો કે ઘરનું કોઈ સભ્ય આવા વાતવરણને કારણે ગંભીર બીમારીનું શિકાર બને અથવા અઘટિત ઘટના આપણા ઘર બની જાય.

એટલે મેં પ્રેમથી આ રસ્તો અપનાવ્યો છે. બેટા તું જરા પણ મન મા ના લેતો.

જતુ કરે તેને તો માઁ બાપ કેહવાઈ બાકી કોઇ તકલીફ પડે તો હું બેઠો છું. દૂર જવાથી હું તારો બાપ કે તું મારૂ સંતાન નથી મટી જતો.

આપણા વિચારો નથી મળતા. પ્રેમ તો એટલો જ છે, બેટા

મત ભેદ હોય ત્યારે જ જુદા થઈ જવું સારૂ.

જો મન ભેદ થઈ જુદા પડ્યા. તો ફરી એક થવુ મુશ્કેલ હોય છે.

બેટા બીજી અગત્યની વાત. તે જે બેંકમા નવું ઘર લેવા અને અમારાથી જુદા થવા લોન માટે અરજી જે મેનેજરને આપી હતી તે મારા મિત્ર નો પુત્ર છે.

તેને મળજે તારે નવું મકાન લેવાં ની જરૂર નથી.

મેં તારા નામે આપણું મકાન કરી દીધુ છે.

પેપર તેની પાસે થી લઇ લેજે.

બેટા તું ટૂંકા પગાર મા લોન ના હપ્તા ભર કે ઘર ચલાવ ?

અને તું હેરાન થતો હોય અને અમે આનંદ કરિયે તેમાંનો તારો બાપ નથી.

તમે સુખી થાવ સદા આનંદમા રહો. એ તો અમારૂ સ્વપન હોય છે.

ચલ બેટા આરતીનો સમય થયો છે. તારી માઁ મારી રાહ જોઈને નીચે ઉભી છે.

દિપેન ચોધાર આ શું એ રડતો રહ્યો અને પપ્પા એ ફોન કટ કર્યો.

પપ્પા મેં તમને સમજવામા ભૂલ કરી છે. ભગવાન મને કદી માફ નહીં કરે.

દિપેનની પત્નીએ હકીકત બધી જાણી દુ:ખી અવાજે કિધુ. આપણે આજે ટેક્ષી કરી. મમ્મી પપ્પાને ઘરે લઈ આવ્યે.

દિપેન બોલ્યો, બહુ મોડું થઈ ગયું સ્વાતી. મારા બાપને હું જાણું છું. તે જલ્દી નિર્ણય કોઈ લેતા નથી અને જો નિર્ણય તેમને લઇ જ લીધો તો તેમા તે ફેરફાર કદી કરતા નથી.

આજે સમજાઈ ગયું. દુનિયામા જતુ કરવાની તાકાત માઁ બાપ સિવાય કોઈ પાસે નથી.

# बोधकथा

## "महाभारत में भोजन प्रबन्धन"

*महाभारत को हम सही मायने में विश्व का प्रथम विश्वयुद्ध कह सकते हैं क्योंकि शायद ही कोई ऐसा राज्य था जिसने इस युद्ध में भाग नहीं लिया। आर्यावर्त के समस्त राजा या तो कौरव अथवा पांडव के पक्ष में खड़े दिख रहे थे।*

*श्रीबलराम और रुक्मी ये दो ही व्यक्ति ऐसे थे जिन्होंने इस युद्ध में भाग नहीं लिया। कम से कम हम सभी तो यही जानते हैं। किन्तु एक और राज्य ऐसा था जो युद्ध क्षेत्र में होते हुए भी युद्ध से विरत था। वो था दक्षिण के 'उडुपी' का राज्य।*

*जब उडुपी के राजा अपनी सेना सहित कुरुक्षेत्र पहुँचे तो कौरव और पांडव दोनों उन्हें अपनी ओर मिलाने का प्रयत्न करने लगे। उडुपी के राजा अत्यंत दूरदर्शी थे।*

*उन्होंने श्रीकृष्ण से पूछा–'हे माधव ! दोनों ओर से जिसे भी देखो युद्ध के लिए लालायित दिखता है किन्तु क्या किसी ने सोचा है कि दोनों ओर से उपस्थित इतनी विशाल सेना के भोजन का प्रबन्ध कैसे होगा ?'*

*श्रीकृष्ण ने कहा– 'महाराज ! आपने बिलकुल उचित सोचा है। आपके इस बात को छेड़ने पर मुझे प्रतीत होता है कि आपके पास इसकी कोई योजना है। अगर ऐसा है तो कृपया बताएं।'*

*उडुपी नरेश ने कहा–'हे वासुदेव ! ये सत्य है। भाइयों के बीच हो रहे इस युद्ध को मैं उचित नहीं मानता इसी कारण इस युद्ध में भाग लेने की इच्छा मुझे नहीं है। किन्तु ये युद्ध अब टाला नहीं जा सकता इसी कारण मेरी ये इच्छा है कि मैं अपनी पूरी सेना के साथ यहाँ उपस्थित समस्त सेना के भोजन का प्रबन्ध करूँ।'*

*श्रीकृष्ण ने हर्षित होते हुए कहा–'महाराज ! आपका विचार अति उत्तम है। इस युद्ध में लगभग ५०००००० (५० लाख) योद्धा भाग लेंगे और अगर आप जैसे कुशल राजा उनके भोजन के प्रबन्धन को देखेगा तो हम उस ओर से निश्चिंत ही रहेंगे। वैसे भी मुझे पता है कि सागर जितनी इस विशाल सेना के भोजन प्रबन्धन करना आपके और भीमसेन के अतिरिक्तऔर किसी के लिए भी सम्भव नहीं है। भीमसेन इस युद्ध से विरत हो नहीं सकते अतः मेरी आपसे प्रार्थना है कि आप अपनी सेना सहित दोनों ओर की सेना के भोजन का भार संभालिये।' इस प्रकार उडुपी के महाराज ने सेना के भोजन का प्रभार संभाला ।*

पहले दिन उन्होंने उपस्थित सभी योद्धाओं के लिए भोजन का प्रबन्ध किया। उनकी कुशलता ऐसी थी कि दिन के अंत तक एक दाना अन्न का भी बर्बाद नहीं होता था। जैसे-जैसे दिन बीतते गए योद्धाओं की संख्या भी कम होती गयी। दोनों ओर के योद्धा ये देख कर आश्चर्यचकित रह जाते थे कि हर दिन के अंत तक उडुपी नरेश केवल उतने ही लोगों का भोजन बनवाते थे जितने वास्तव में उपस्थित रहते थे। किसी को समझ नहीं आ रहा था कि आखिर उन्हें ये कैसे पता चल जाता है कि आज कितने योद्धा मृत्यु को प्राप्त होंगे ताकि उस आधार पर वे भोजन की व्यवस्था करवा सकें। इतने विशाल सेना के भोजन का प्रबन्ध करना अपने आप में ही एक आश्चर्य था और उसपर भी इस प्रकार कि अन्न का एक दाना भी बर्बाद ना हो, ये तो किसी चमत्कार से कम नहीं था।

अंततः युद्ध समाप्त हुआ और पांडवों की जीत हुई। अपने राज्याभिषेक के दिन आख़िरकार युधिष्ठिर से रहा नहीं गया और उन्होंने उडुपी नरेश से पूछ ही लिया— 'हे महाराज ! समस्त देशों के राजा हमारी प्रशंसा कर रहे हैं कि किस प्रकार हमने कम सेना होते हुए भी उस सेना को परास्त कर दिया जिसका नेतृत्व पितामह भीष्म, गुरु द्रोण और हमारे ज्येष्ठ भ्राता कर्ण जैसे महारथी कर रहे थे। किन्तु मुझे लगता है कि हम सब से अधिक प्रशंसा के पात्र आप है जिन्होंने ना केवल इतनी विशाल सेना के लिए भोजन का प्रबन्ध किया अपितु ऐसा प्रबन्धन किया कि एक दाना भी अन्न का व्यर्थ ना हो पाया। मैं आपसे इस कुशलता का रहस्य जानना चाहता हूँ।'

उडुपी नरेश ने हँसते हुए कहा—'सम्राट ! आपने जो इस युद्ध में विजय पायी है उसका श्रेय किसे देंगे ?'

युधिष्ठिर ने कहा—'श्रीकृष्ण के अतिरिक्त इसका श्रेय और किसे जा सकता है ? अगर वे ना होते तो कौरव सेना को परास्त करना असंभव था।'

तब उडुपी नरेश ने कहा—'हे महाराज ! आप जिसे मेरा चमत्कार कह रहे हैं वो भी श्रीकृष्ण का ही प्रताप है।' ऐसा सुन कर वहाँ उपस्थित सभी लोग आश्चर्यचकित हो गए।

तब उडुपी नरेश ने इस रहस्य पर से पर्दा उठाया और कहा—'हे महाराज ! श्रीकृष्ण प्रतिदिन रात्रि में मूँगफली खाते थे। मैं प्रतिदिन उनके शिविर में गिन कर मूँगफली रखता था और उनके खाने के पश्चात गिन कर देखता था कि उन्होंने कितनी मूंगफली खायी है। वे जितनी मूँगफली खाते थे उससे ठीक १००० गुणा सैनिक अगले

दिन युद्ध में मारे जाते थे। अर्थात अगर वे ५० मूँगफली खाते थे तो मैं समझ जाता था कि अगले दिन ५०००० योद्धा युद्ध में मारे जाएँगे। उसी अनुपात में मैं अगले दिन भोजन कम बनाता था। यही कारण था कि कभी भी भोजन व्यर्थ नहीं हुआ।' श्रीकृष्ण के इस चमत्कार को सुनकर सभी उनके आगे नतमस्तक हो गए ।

ये कथा महाभारत की सबसे दुर्लभ कथाओं में से एक है। कर्नाटक के उडुपी जिले में स्थित कृष्ण मठ में ये कथा हमेशा सुनाई जाती है। ऐसा माना जाता है कि इस मठ की स्थापना उडुपी के सम्राट द्वारा ही करवाई गयी थी जिसे बाद में ?श्री माधवाचार्य जी ने आगे बढ़ाया ।

---

મારું નામ પુષ્પાબહેન છે. હું ૬૯ વર્ષની છું.

છેલ્લા પંદર વર્ષથી, હું દરરોજ સવારે એક જ રસ્તે ચાલતી હતી. સવારે પોણા સાતે ઘરેથી નીકળવાનું, સોસાયટીના મેઈન ગેટથી આગળ, મગનકાકાના કરિયાણાના સ્ટોર પાસેથી પસાર થવાનું, પાછળની ગલીમાં થઈને પ્રાથમિક શાળા પાસેથી નીકળીને ઘરે આવવાનું. બરાબર બેતાલીસ મિનિટ. પછી ભલે ઠંડી હોય કે વરસાદ.

તે કસરત નહોતી. તે એક છૂટકારો (escapism ) હતો. મારા ખાલી ઘરથી મારા સ્વર્ગસ્થ પતિના વિચારોથી અને એ ભયાવહ શાંતિથી, જે જો હું લાંબો સમય બેસી રહું તો મને કોરી ખાતી હતી.

પરંતુ ગયા મહિને, મારો પગ મચકોડાઈ ગયો. ડોક્ટરે છ અઠવાડિયા સુધી ચાલવાની મનાઈ કરી. હું નિરાશ હતી, પણ મનમાં એક ખૂણે રાહત પણ હતી. હાશ, હવે ચાલવા જવાનું કોઈ ટેન્શન નહીં.

ચાલવા જવાથી મન હળવું થાય છે ,એવો ડોળ કરવાનું બંધ. મારી જાતને પથારીમાંથી પરાણે ઉઠાડવાનું બંધ. બસ બધું બંધ.

પહેલું અઠવાડિયું તો મજા આવી. મોડે સુધી ઊંઘી, ટીવી જોયું. જાણે વેકેશન હોય એવું લાગ્યું.

બીજા અઠવાડિયે, મારા ઘરની ડોરબેલ વાગી. કરિયાણાની દુકાનવાળા મગનકાકા હતા. તેઓ ચિંતિત દેખાતા હતા.

"પુષ્પાબહેન, તમે ઠીક તો છો ને? તબિયત તો સારી છે ને ?"

"બસ પગ મચકોડાઈ ગયો છે કાકા. હું ઠીક છું."

તેમણે માથું હલાવ્યું, પણ ઉભા જ રહ્યા. "કંઈ જોઈતું હોય તો કહેજો. દૂધ કે શાકભાજી જોઈએ છે?"

"ના, આભાર."

તેઓ ગયા. મને નવાઈ લાગી, પણ મેં બહુ વિચાર્યું નહીં.

ત્રણ દિવસ પછી, શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી શાહ આવ્યા. હું તેમને ઓળખતી પણ નહોતી.

"પુષ્પાબહેન ? અમે તમને જોવા આવ્યા હતા. પેલા સિક્યુરિટી ગાર્ડે કહ્યું કે તમે ઘણા દિવસથી દેખાયા નથી."

"મારો પગ મચકોડાઈ ગયો છે. પણ તમને કેમ ચિંતા થઈ?"

ઓહ,ભગવાનનો આભાર. અમને ફાળ પડી હતી કે કંઈક અઘટિત તો નથી બન્યું ને ?

"તમને મારી ચિંતા કેમ હોય ? હું તો માત્ર ત્યાંથી પસાર થાઉં છું."

તેઓ હસ્યા. "કારણ કે તમે અમારા રોજિંદા જીવનનો એક ભાગ બની ગયા છો."

મને કશું સમજાયું નહીં. બીજા દિવસે, મારા દરવાજા નીચેથી એક કાગળ અંદર આવ્યો. અંદર એક ચિત્ર હતું. ક્રેયોનથી દોરેલું. એક ડોશીમા ચાલી રહ્યા હતા. નીચે લખ્યું હતું : "જલ્દી સાજા થઈ જાવ. લવ, કાવ્યા (ધોરણ–૨)."

હું કોઈ કાવ્યાને જાણતી નહોતી. પછી તો પત્રોનો મારો ચાલ્યો. ગલીમાં રખડતા કૂતરાઓને રોટલી નાખતી પેલી માજીનો પત્ર આવ્યો. આપણા ટપાલીભાઈની ચિઠ્ઠી આવી. મગનકાકાની દુકાને કામ કરતા પેલા છોકરાએ પણ પૂછાવ્યું. બધા પૂછતા હતા કે હું ઠીક છું કે નહીં.

હું અવાચક હતી. હું આ લોકોને ખાસ જાણતી નહોતી. ક્યારેય "કેમ છો" થી વધુ વાત નહોતી થઈ. તેથી મેં શ્રીમતી શાહને ફોન કર્યો. "મારું ચાલવું આટલું મહત્વનું કેમ છે?"

ફોન પર થોડી શાંતિ છવાઈ ગઈ. "તમને ખરેખર ખબર નથી ?"

"શું ખબર નથી ?"

"પુષ્પાબહેન, તમે આ વિસ્તારનું 'જીવતું જાગતું એલાર્મ' છો. મગનકાકા તમને પસાર થતા જુએ ત્યારે જ પોતાની દુકાનનું શટર ખોલે છે. સિક્યુરિટી ગાર્ડ જાણે છે કે જ્યારે તમે નીકળો ત્યારે એનો ગેટ પર હાજર રહેવાનો સમય થઈ ગયો છે. વાલીઓ જાણે છે કે જો તમને રસ્તામાં જુએ, તો એનો અર્થ છે કે બાળકોને સ્કૂલે પહોંચવામાં મોડું નથી થયું. પેલી માજી તમે ત્યાંથી પસાર થાઓ એ પછી જ કૂતરાઓને ખવડાવવાનું શરૂ કરે છે.

તમે તમે સંકેત છો કે દિવસની શરૂઆત થઈ ગઈ છે.

હું સ્તબ્ધ થઈ ગઈ અને કાવ્યા, શ્રીમતી શાહે આગળ કહ્યું, તે બહુ બીકણ છે. રોજ સ્કૂલે આવતા રડે છે. પણ તે દરરોજ સવારે ગેટ પાસે ઊભી રહીને તમને પસાર થતા જોવાની રાહ જુએ છે. એકવાર તે તમને જોઈ લે, પછી તે એની મમ્મીને કહે છે કે હવે તે અંદર જવા તૈયાર છે. તમે એની હિંમત છો. એને ખબર નથી કે કેમ, પણ તમે છો.

મારી પાસે શબ્દો નહોતા. અમને લાગ્યું કે તમે જાણીજોઈને અમારા માટે આ કરો છો, શ્રીમતી શાહે મૃદુ અવાજે કહ્યું. પણ હું નહોતી કરતી. હું તો બસ જીવી રહી હતી. ટકી રહી હતી. મારી એકલતાથી બચવા માટે ચાલી રહી હતી.

ગઈકાલે મારો પગ સાજો થઈ ગયો. મેં ચપ્પલ પહેર્યા અને મારા રૂટ પર ચાલવા નીકળી.

મગનકાકાએ હાથ હલાવ્યો. ગાર્ડભાઈ હસ્યા. પેલી માજીએ સ્મિત આપ્યું. અને કાવ્યા, નાનકડી કાવ્યા જેને હું ક્યારેય મળી નહોતી, તેણે ગેટ પાસે દોડીને બૂમ પાડી, "તમે આવી ગયા! મને તો બહુ ડર લાગતો હતો કે તમને કંઈ થઈ ગયું હશે !"

તેના ટીચરે તેને સમજાવી, પણ કાવ્યા દોડીને ગેટ પાસે આવી. "કાલે હું તમારી સાથે ચાલી શકું? બસ પેલા ખૂણા સુધી ?"

તેની મમ્મી પણ આશાભરી નજરે મને જોઈ રહી હતી.

"ચોક્કસ બેટા," મેં ગળગળા થઈને કહ્યું.

આજે સવારે, કાવ્યાએ મારો હાથ પકડીને ત્રણ બ્લોક સુધી ચાલ્યું. એની ઢીંગલીઓ વિશે વાતો કરી. જ્યારે સ્કૂલ આવી, ત્યારે તેણે મારા પગે લાગીને મને વળગી પડી. "કાલે પણ આ જ ટાઈમે ને ?"

"હા, આ જ ટાઈમે."

હું ૬૯ વર્ષની છું. પંદર વર્ષ સુધી મને લાગતું હતું કે હું મારા દુ:ખથી ભાગવા માટે ચાલું છું. મને લાગતું હતું કે હું એકલી છું, મારું કોઈ મહત્વ નથી.

પણ ખબર પડી કે, હું એ દોરો હતી જેણે કેટલાય અજાણ્યા લોકોની સવારને પરોવી રાખી હતી.

મેં જે શીખ્યું તે આ છે: તમને ખબર નથી હોતી કે તમે લોકો માટે શું મહત્વ ધરાવો છો. તમારી નાની, સામાન્ય આદતો પણ કોઈ બીજાનો સહારો હોઈ શકે.

તેથી અટકશો નહીં. એમ ન માનો કે તમારું કોઈ મહત્વ નથી. લોકો તમને જુએ છે, તમને અનુભવે છે.

તમારું "માત્ર જીવવું" એ કોઈ બીજા માટે જીવવાનું કારણ હોઈ શકે છે.

ચાલતા રહો કોઈ તમારા ભરોસે બેઠું છે. ભલે તમને ક્યારેય ખબર ન પડે કે તે કોણ છે.

– અજ્ઞાત

---

## જિન્સમાં પાલવ ક્યાંથી લાવશો ?

શાળામાં ગુરુજીએ કહ્યું કે, "માં ના પાલવ" પર નિબંધ લખો !

તો લખવા વાળા વિદ્યાર્થીએ "માં ના પાલવ" પર શું સરસ લખ્યું,

આદરણીય ગુરુજી "માં નો પાલવ" માં ને ગરિમામય છબી પ્રદાન કરવા માટે હતો.

"માં નો પાલવ" ચૂલા ઉપરથી ગરમ વાસણો ને ઉતારવામાં કામ આવતો હતો.

"માં નો પાલવ" બાળકોના પરસેવા અને આંસુ લૂછવા, ગંદા કાન, કે મોઢું સાફ કરવા માટે પણ પ્રયોગ માં લેવાતો.

"માં ના પાલવ" થી બાળકોને જમ્યા પછી મોઢું લૂછવાનો અનેરો આનંદ આવતો હતો.

"માં નો પાલવ" ક્યારેક આંખમાં કંઈ ખૂંચતું તો "માં" ગોળ ગૂંચણું બનાવી ફૂંક મારી ગરમ કરી આંખ પર લગાવતી ત્યારે દુ:ખાવો એની મેળે બંધ થઈ જતો.

"માં નો પાલવ" માંના ખોળામાં સુવા વાળા બાળકો માટે માંનો ખોળો, ગાદી અને ચાદર

નું કામ કરી જતો.

"માં ના પાલવ" ની પાછળ સંતાવા જ્યારે પણ કોઈ અજાણ્યું આંગતુક ઘરે આવતું ત્યારે તે બાળક તેનો ઉપયોગ કરતો.

તેવી જ રીતે બાળક જ્યારે જ્યારે શરમાઈ જાય ત્યારે પોતાનું મોઢું "માં ના પાલવ" થી ઢાંકી દેતો.

જ્યારે બાળકને બહાર જવું હોય ત્યારે "માં નો પાલવ" પકડી લેતો અને તે "પાલવ" જ તેનો એક માર્ગદર્શક બની જતો.

પોતાની "માં નો પાલવ" જ્યાં સુધી બાળકે પકડ્યો હોય, ત્યાં સુધી આખું બ્રહ્માંડ તેની "માં" હોય તેવો તેને આભાસ થતો.

"માં નો પાલવ" જ્યારે શિયાળાની ઋતુ હોય ત્યારે માતા પોતાના બાળકને ચારે કોરથી વીંટાળી ઠંડીથી બચાવવાના પ્રયત્ન કરતી.

અને

જ્યારે ખૂબ વરસાદ પડે તો "માં નો પાલવ" છત્રી બની મોઢું ઢાંકવા કામ આવતું.

"માં નો પાલવ" નો હાથ લૂંછણીયા તરીકે પણ ઉપયોગ કરી લેવાતો.

"માં નો પાલવ" ઝાડ પર થી

પડેલા જાબું અને સુગંધિત ફૂલો ને ભેગા કરવા અને લાવવા ઉપયોગમાં લેવાતો.

ક્યારેક...

"માં ના પાલવ" નો અનાજ, દાન, પ્રસાદના સંકલન માટે વપરાતો.

"માં નો પાલવ" ઘરમાં રાખેલ સામાન ઉપરથી ધૂળ સાફ કરવામાં પણ સહાયક થતો.

ક્યારેક કોઈ વસ્તુ ખોવાય જાય તો "માં ના પાલવ" ને ગાંઠ બાંધી નિશ્ચિન્ત થઈ જતા કે જલ્દી મળી જશે અને મળી પણ જતી.

"માં ના પાલવ" ની ગાંઠ લગાવી એક હાલતી-ચાલતી બેન્ક કે તિજોરી બની જતી અને જો બાળકનું નસીબ જોર કરે તો ક્યારેક બેંકમાંથી થોડા પૈસા પણ મળી જતાં.

"માં નો પાલવ" બીજું કાંઈ નહીં, પણ એક જાદુઈ અનુભવ છે. જે આજ ની પેઢી તો નહીં જ સમજી શકે.

હવે જીન્સ પહેરવા વાળી Mom

"માં નો પાલવ" લાવશે ક્યાંથી ?

સાડલા પહેરેલ "માં ના પાલવ" નો આ સ્વાદ આપવા વાળી દરેક માતાઓ ને સમર્પિત.

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810